©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. LXVII] SATURDAY, 14th FEBRUARY, 2026/MAGHA 25, 1947 [No. 06

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

PART-I EXTRAORDINARY

જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

ગુજરાત પોલિસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-33 (૧) (બી) હેઠળ જાહેરનામું

વંચાણે લીધા :

(૧) કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ (રાજય), અમરેલીના પત્ર નં. પીબી/આર/૬૫૧, તા. ૧૭-૦૭-૨૦૨૫

(૨) અત્રેના પત્ર નં. નાચી/પલસ/વશી/ઈ-૩૧૦૩૫૭/૨૦૨૫, તા. ૨૧-૦૭-૨૦૨૫

(૩) પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીના પત્ર નં. ૧૮૬/ટ્રાફિક/વાહન-પ્રતિબંધ/અભિપ્રાય/૧૨૪/૨૦૨૫, તા. ૨૫-૦૭-૨૦૨૫.

(૪) સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, રાજુલાના પત્ર નં. PORJL/0109/07/2025, તા. ૨૪-૦૭-૨૦૨૫.

જાહેરનામું

નં. નાચિ/પલસ/વશી/૬૮૪/૨૦૨૫.-વંચાણે લીધા-૧ ના પત્રથી કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ (રાજય), અમરેલીના તા.૧૭-૦૭-૨૦૨૫ ના પત્રથી બાઢડા-થોરડી-રાજુલા રોડ (S.H. 34) ઉપર ચે.કી.મી. ૬૬-૬ થી ૬૬-૮ વચ્ચે ઝાંપોદર ગામ પાસે ધાતરવડી નદી ઉપર બાઢડાથી રાજુલા તરફ જતા ડાબી બાજુમાં આવેલ જુના પુલની તાંત્રિક ચકાસણી તથા તે અન્વયેનું સમારકામ પૂર્ણ ન થાય ત્યાં સુધી સદરહું પુલને સાવચેતીના પગલા રૂપે વાહન વ્યવહાર માટે બંધ કરવા અને બાજુમાં સમાંતરમાં આવેલ અન્ય પુલ પર વાહન વ્યવહાર ડાયવર્ટ કરવા જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત રજુ કરેલ છે.

ઉકત વિગતેની રજુ થયેલ દરખાસ્ત પરત્વે અત્રેના વંચાણે લીધા-૨ ના પત્રથી પોલીસ અધિક્ષકશ્રી, અમરેલી તથા સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટશ્રી, રાજુલા પાસેથી અભિપ્રાય અહેવાલ મંગાવતા, નીચેની વિગતે રજુ થયેલ છે.

વંચાણે લીધા-૩નાં પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીએ ઉપરોકત પુલ ઉપર રાજુલા પોલીસ દ્વારા સ્થળ તપાસ કરાવતા ઝાપોદર ગામ પાસે ધાતરવાડી નદી ઉપર જુના પુલની બાજુમાં નવો પુલ બનાવવાાં આવેલ હોય અને હાલમાં બન્ને પુલ કાર્યરત છે. જેમાં જુનો પુલ બંધ કરી જુના પુલ ઉપર બન્ને બાજુ ડાયવર્ઝનના યોગ્ય દિશા સૂચનો મુકી નવા પુલ ઉપર તમામ વાહનો ડાયવર્ટ કરવામાં આવે તો ટ્રાફિક તેમજ કાયદો-વ્યવસ્થામાં કોઈ અડચણ થાય તેવું ન હોવાનું જણાવી, જુના પુલ ઉપર વાહન વ્યવહાર ઉપર પ્રતિબંધ મુકવા જાહેરનામું પ્રસિદ્ધ કરવા સ્પષ્ટ અભિપ્રાય આપેલ છે.

વંચાણે લીધા-૪ ના પત્રથી સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટશ્રી, રાજુલાએ બાઢડા-થોરડી-રાજુલા રોડ (S.H. 34) ઉપર ચે.કી.મી. ૬૬-૬ થી ૬૬-૮ વચ્ચે ઝાંપોદર ગામ પાસે ધાતરવડી નદી ઉપર બાઢડાથી રાજુલા તરફ જતા ડાબી બાજુમાં આવેલ જુનો પુલ જર્જરીત હાલતમાં હોય વાહનોની અવર-જવર પર પ્રતિબંધ મુકવો જરૂરી જણાતો હોવાનું જણાવી, જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવે તો કોઈ હરકત સરખુ નથી તેમ જણાવેલ છે.

પ્રસ્તુત બાબતે, રજુ થયેલ દરખાસ્તની વિગતે બાઢડા-થોરડી-રાજુલા રોડ (S.H. 34) ઉપર ચે.કી.મી. ૬૬-૬ થી ૬૬-૮ વચ્ચે ઝાંપોદર ગામ પાસે ધાતરવડી નદી ઉપર બાઢડાથી રાજુલા તરફ જતા ડાબી બાજુમાં આવેલ જુનો પુલ જર્જરીત હાલતમાં હોય, કોઈ અકસ્માત કે દુર્ઘટના ન સર્જાય તે માટે સદરહું પુલ પરથી પસાર થતા વાહનોની અવર-જવર પર પ્રતિબંધ મુકવો જરૂરી જણાતો હોય, જે માટે ટ્રાફીક ડાયવર્ટ કરવા અંગે જાહેરનામું બહાર પાડવા પુરતા કારણો છે.

જેથી હું **વિકલ્પ ભારદ્વાજ, જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી, જિલ્લો-અમરેલી** ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(બી) હેઠળ મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છુ કે, બાઢડા-થોરડી-રાજુલા રોડ (S.H. 34) ઉપર ચે.કી.મી. ૬૬-૬ થી ૬૬-૮ વચ્ચે ઝાંપોદર ગામ પાસે ધાતરવડી નદી ઉપર બાઢડાથી રાજુલા તરફ જતા ડાબી બાજુમાં આવેલ જુના પુલ પરથી પસાર થતા તમામ વાહનોની અવર-જવર પર પ્રતિબંધ મુકવામાં આવે છે અને તમામ વાહનોએ નીચે મુજબના વૈકલ્પિક રૂટ અથવા અન્ય વૈકલ્પિક રૂટ પરથી પસાર થવાનું રહેશે.

વૈકલ્પિક રૂટ-૧

સદરહું પુલની સમાંતર બાજુમાં આવેલ નવા પુલ ઉપરથી પસાર થવાનું રહેશે.

આ જાહેરનામું તા. ૩૧-૦૭-૨૦૨૫ થી સદરહું પુલની મરામત કરી સલામતીની દ્રષ્ટીએ સુરક્ષિત ન બને ત્યાં સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ માં દર્શાવેલ શિક્ષાને પાત્ર ઠરશે.

જાહેર જનતાની જાણ સારૂ પોલીસ અધિક્ષકશ્રી, અમરેલી, નાયબ માહિતી નિયામકશ્રી, અમરેલીની કચેરી મારફત સ્થાનિક વર્તમાનપત્ર, ચેનલો મારફતે પ્રસિધ્ધ કરી તથા જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનના નોટીસ બોર્ડ પર જાહેરનામાની નકલ ચોટાડીને પ્રસિધ્ધ કરાવવાની રહેશે, તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર જાહેરનામાની નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવાની રહેશે.

આજ તા. ૩૧ જુલાઈ, સને-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરી આપ્યો.

અમરેલી, ૩૧ માહે જુલાઈ, સને ૨૦૨૫.

ગુજરાત પોલિસ અધિનિયમ–૧૯૫૧ ની કલમ–33 (૧) (બી) હેઠળ જાહેરનામું

વંચાણે લીધા :

(૧) કાર્યપાલક ઈજનેરશ્રી, પંચાયત મા.મ. વિભાગ, અમરેલીના પત્ર નં. બાંધ/પી.બી./વશી/૦૪/૨૨૫, તા. ૦૫-૦૪-૨૦૨૫

(૨) અત્રેના પત્ર નં. નાચી/પલસ/વશી/ઈ-૧૦૨૩૨૬/૨૦૨૫, તા. ૦૯-૦૪-૨૦૨૫

(૩) પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીના પત્ર નં. ૧૮૬/ટ્રાફિક/ભારે વાહન/અભિપ્રાય/૭૨/૨૦૨૫, તા. ૩૦-૦૪-૨૦૨૫.

(૪) સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, રાજુલાના પત્ર નં. PORJL/0096/06/2025, તા. ૧૭-૦૬-૨૦૨૫.

જાહેરનામું

નં. નાચિ/પલસ/વશી/૬૦૫/૨૦૨૫.-વંચાણે લીધા-૧ ના પત્રથી કાર્યપાલક ઈજનેરશ્રી, પંચાયત માર્ગ અને મકાન વિભાગ, અમરેલીની કચેરી હસ્તકના બાબરીયાધાર-અમુલી-અખેગઢ રોડ ગ્રા.મા. તા. રાજુલા, જિ. અમરેલી પર ચે. ૦-૦૦ થી ૦-૧૦૦ પર જોલાપરી નદિ પર આવેલ મેજર બ્રિજનો છઠ્ઠા સ્પાનનો સ્લેબ જર્જરીત હાલતમાં હોય તેમજ ત્રણ પીયરમાં મોટી તિરાડો અને રેઈનફોર્મમેન્ટમાં ખવાણ જોવા મળેલ છે. જેથી તમામ પ્રકારના વાહનોની અવર-જવર માટે આ બ્રિજ જોખમી હોય અને કોઈ દુર્ઘટના ન બને તે માટે આ બ્રિજ પર તાત્કાલીક અસરથી તમામ વાહનોની અવર જવર પર પ્રતિબંધ મુકવો અનિવાર્ય હોવાનું જણાવી બાબરીયાધાર-અમુલી-અખેગઢ રોડ ગ્રા.મા. તા. રાજુલા, જિ. અમરેલી પર ચે. ૦-૦૦ થી ૦-૧૦૦ પર જોલાપરી નદિ પર આવેલ મેજર બ્રિજ પર આ બ્રિજ જયાં સુધી નવો ન બને ત્યાં સુધી ભારે વાહનોની અવર-જવર પર પ્રતિબંધ મુકવા જાહેરનામું બહાર પાડી વૈકલ્પિક રૂટ ડાયવર્ટ કરવા માટે દરખાસ્ત રજુ કરેલ છે.

ઉકત વિગતે રજુ થયેલ દરખાસ્ત પરત્વે અત્રેના વંચાણે લીધા-૨ ના પત્રથી પોલીસ અધિક્ષકશ્રી, અમરેલી તથા સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટશ્રી, રાજુલા પાસેથી અભિપ્રાય અહેવાલ મંગાવતા, નીચેની વિગતે રજુ થયેલ છે.

વંચાણે લીધા-૩નાં પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીએ રાજુલા પો.સ્ટે. વાવેરા બીટ ઈન્ચાર્જ દ્વારા બાબરીયાધાર-અમુલી ગામે જઈ બાબરીયાધાર-અમુલી-અખેગઢ રોડે જોલાપરી નદી ઉપર આવેલ બ્રીજ વાળા સ્થળે જઈ બ્રીજની તપાસ કરતા મેજર બ્રીજનો છઠ્ઠા સ્પાનનો સ્લેબ જર્જરીત હાલતમાં જોવામાં આવેલ તેમજ બ્રીજના પીલરોમાં તીરાડ પડેલ અને રેઈન ફોર્સમેન્ટમાં ખવાણ થયેલ જોવામાં આવેલ હોય જે પુલ ઉપર વાહનો ચલાવાવ ખુબ જ જોખમી હોવાનું તપાસ કરતા જણાય આવેલ છે. જેથી સદરહું પુલ ઉપરથી પસાર થતા તમામ પ્રકારના વાહનો પર પ્રતિબંધ મુકી વૈકલ્પિક રૂટ બાબરીયાધાર-મોટી ખેરાળી-છાપરી-ડોળીયા-માંડળ-મસુંદડા-અમુલી રોડ પર વાહનો ડાયવર્ઝન કરવામાં આવે તો ટ્રાફીકને લગતી કોઈ સમસ્યા સર્જાતી નહી હોવાનું જણાવેલ હોય. આમ, સદરહું બાબરીયાધાર-અમુલી ગામ વચ્ચે આવેલ જોલાપરી નદી ઉપર આવેલ પુલ પર ચાલતા તમામ પ્રકારના વાહનો પર પ્રતિબંધ કરી નિર્ધારિત વૈકલ્પિક રૂટ ઉપર ડાયવર્ટ કરવામાં આવ્યેથી ટ્રાફિકને લગતી કોઈ સમસ્યા સર્જાશે નહી. જેથી આ બ્રીજ પર ભારે વાહનોની અવર-જવર પર પ્રતિબંધ મુકવામાં આવે તથા ડાયવર્ઝન આપવામાં આવે તો ટ્રાફિકની દ્રષ્ટીએ કોઈ પ્રશ્ન ઉપસ્થિત થાય તેમ નથી કે કાયદો અને વ્યવસ્થાને ધ્યાને લઈને કોઈ પ્રશ્ન ઉપસ્થિત થાય તેમ ન હોવાનું જણાવી, જાહેરનામું બાહર પાડવા માટે સ્પષ્ટ અભ્રિપાય આપેલ છે.

વંચાણે લીધા-૪ ના પત્રથી સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટશ્રી, રાજુલાએ બાબરીયાધાર - અમુલી - અખેગઢ રોડ પર ચે. ૦-૦૦ થી ૦-૧૦૦ પર જોલાપરી નદી પર આવેલ મેજર બ્રીજનો છઠ્ઠા સ્પાનનો સ્લેબ જર્જરીત હાલતમાં હોય તેમજ ત્રણ પીયરમાં મોટી તીરાડો અને રેઈનફોર્સમેન્ટમાં ખવાણ થયેલ હોવાથી તથા આ બ્રીજ પર થી તમામ ભારે વાહનોની અવર - જવર થી અકસ્માત અને દુર્ઘટના થવાનું જોખમ હોવાથી આ મેજર બ્રીજ પર તમામ પ્રકારના વાહનોની અવર - જવર પર પ્રતિબંધ મુકવો અનિવાર્ય હોવાનું જણાવેલ છે. તેમજ બાબરીયાધાર - અમુલી - અખેગઢ રોડ પર ચે. ૦-૦૦ થી ૦-૧૦૦ પર જોલાપરી નદી પર આવેલ મેજર બ્રીજ નવો ન બને ત્યાં સુધી તમામ વાહનોની અવર-જવર માટે વૈકલ્પિક રસ્તા તરીકે બાબરીયાધાર-મોટી ખેરાળી- છાપરી - ડોળીયા - માંડળ - મસુંદડા - અમુલી રોડ પરથી અથવા બાબરીયાધાર - નવાગામ (મેરીયાણા)

- દાધીયા - હાડીડા - વડાળ - આસરાણા - અખેગઢ - અમુલી રોડ પરથી પસાર થવાનું રહેશે જે વિગતેનું નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, રાજુલા મા.મ. વિભાગ પંચાયતના અધિકારીનું રૂબરૂનું સ્થળ સ્થિતિનું ફોટોગ્રાફસ સહનું પંચરોજકામ મોકલી આપેલ છે. આથી બાબરીયાધાર-અમુલી-અખેગઢ રોડ પર ચે. ૦-૦૦ થી ૦-૧૦૦ પર જોલપરી નદી પર આવેલ મેજર બ્રીજ નવો ન બને ત્યાં સધુ તમામ વાહનોની અવર-જવર પર પ્રતિબંધ મુકવો જરૂરી જણાતો હોવાનું જણાવી, જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવે તો કોઈ હરકત સરખુ નથી તેમ જણાવેલ છે.

પ્રસ્તુત બાબતે, રજુ થયેલ દરખાસ્ત તથા અહેવાલની વિગતે બાબરીયાધાર-અમુલી-અખેગઢ રોડ ગ્રા.મા. તા. રાજુલા, જિ. અમરેલી પર ચે. ૦-૦૦ થી ૦-૧૦૦ પર જોલાપરી નદિ પર આવેલ મેજર બ્રિજનો છઠ્ઠા સ્પાનનો સ્લેબ જર્જરીત હાલતમાં હોય તેમજ ત્રણ પીયરમાં મોટી તિરાડો અને રેઈનફોર્મમેન્ટમાં ખવાણ થયેલ હોવાથી તમામ પ્રકારના વાહનોની અવર-જવર માટે આ બ્રિજ જોખમી હોય, જેથી કોઈ અકસ્માત કે દુર્ઘટના ન સર્જાય તે માટે આ મેજર બ્રીજ પર તમામ પ્રકારના વાહનોની અવર-જવર પર પ્રતિબંધ મુકવો જરૂરી જણાતો હોય, જે માટે ટ્રાફીક ડાયવર્ટ કરવા અંગે જાહેરનામું બહાર પાડવા પુરતા કારણો છે.

જેથી હું **વિકલ્પ ભારદ્વાજ, જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી, જિલ્લો-અમરેલી** ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(બી) હેઠળ મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છુ કે, બાબરીયાધાર-અમુલી-અખેગઢ રોડ ગ્રા.મા. તા. રાજુલા, જિ. અમરેલી પર ચે. ૦-૦૦ થી ૦-૧૦૦ પર જોલાપરી નદિ પર આવેલ મેજર બ્રિજ પરથી પસાર થતા તમામ પ્રકારના વાહનો માટે રૂટ ડાવર્ટ કરવામાં આવે છે અને સદરહું વાહનોએ નીચે મુજબના વૈકલ્પિક રૂટ અથવા અન્ય વૈકલ્પિક રૂટ પરથી પસાર થવાનું રહેશે.

વૈકલ્પિક રૂટ-૧

બાબરીયાધારથી અમુલી વચ્ચે જોલાપરી નદીના પુલ પરથી પસાર થતા વાહનોએ બાબરીયાધાર-મોટી ખેરાળી- છાપરી-ડોળીયા-માંડળ-મસુંદડા-અમુલી રોડ પરથી પસાર થવાનું રહેશે.

વૈકલ્પિક રૂટ-૨

બાબરીયાધાર થી અમુલી વચ્ચે જોલાપરી નદીના પુલ પરથી પસાર થતા વાહનોએ બાબરીયાધાર - નવાગામ (મેરીયાણા) - દાધીયા-હાડીડા - વડાળ - આસરણા - અખેગઢ - અમુલી રોડ પરથી પસાર થવાનું રહેશે.

આ જાહેરનામું તા. ૦૮-૦૭-૨૦૨૫ થી સદરહું જર્જરીત બ્રિજ નવો ન બને ત્યાં સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ માં દર્શાવેલ શિક્ષાને પાત્ર ઠરશે.

જાહેર જનતાની જાણ સારૂ કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ (પંચાયત) અમરેલીએ નાયબ માહિતી નિયામકશ્રી, અમરેલીની કચેરી મારફત સ્થાનિક વર્તમાનપત્ર, ચેનલો મારફતે પ્રસિધ્ધ કરી તેમજ લોકોને સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર જાહેરનામાની નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવાની રહેશે.

આજ તા. ૦૭ જુલાઈ, સને-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરી આપ્યો.

અમરેલી, ૦૭ માહે જુલાઈ, સને ૨૦૨૫.

ગુજરાત પોલિસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (બી) હેઠળ જાહેરનામું

વંચાણે લીધા :

(૧) નાયબ કલેકટકરશ્રી, રાજુલાના પત્ર નં. વહવ/ડીઝા/વશી/૨૧૭/૨૦૨૫, તા. ૧૨-૦૭-૨૦૨૫

જાહેરનામું

નં. નાચિ/પલસ/વશી/૬૧૬/૨૦૨૫.-વંચાણે લીધા-૧ ના પત્રથી નાયબ કલેકટરશ્રી, રાજુલા એ રાજુલા તાલુકાના દાતરડી ગામમાં આવેલ બ્રીજની સ્ટ્રકચરની સ્ટેબીલીટી તથા હાલની સ્થિતિ ખરાબ હોવાનું જણાય આવે છે. સદરહુ બ્રીજ અંદાજીત ૫૦ થી ૬૦ વર્ષ પહેલા નિર્માણ થયેલ હોય અને બ્રીજની લંબાઈ અંદાજે ૭૮ મીટર છે. તેમજ રામતલા નદી પર બાંધવામાં આવેલ છે. જે બ્રીજમાં મેજર રીનોવેશનની જરુરીયાત રહે છે. સદરહુ બ્રીજ ભારેથી અતિભારે લોડીંગ વાહનો માટે બંધ કરવા જરુરીયાત છે. ભારે વાહનો માટે સદરહુ રોડ બંધ કરતા દાતરડી ગામનો બાયપાસ નેશનલ હાઈવે ૫૧ હાલમાં કાર્યરત છે. જેના પરથી તમામ વાહનો પસાર થઈ શકે તેમ હોઈ, જેથી સદરહુ બ્રીજ પરથી ભારેથી અતિભારે વાહનો(ટ્રક) બંધ કરવા બાબતે જાહેરનામું બહાર પાડવા અભિપ્રાય સહ દરખાસ્ત રજુ થયેલ છે.

ઉકત વિગતે રજુ થયેલ દરખાસ્તની વિગતે રાજુલા તાલુકાના દાતરડી ગામમાં રામતલા નદી ઉપર આવેલ બ્રીજ બ્રીજ ૫૦ થી ૬૦ વર્ષ જુનો હોઈ અને બ્રીજની સ્ટ્રકચરની સ્ટેબીલીટી તથા હાલની સ્થિતિ ખરાબ, જેથી કોઈ અકસ્માત અને દુર્ઘટના ન સર્જાય તે માટે આ બ્રીજ પરથી પસાર થતા ભારેથી અતિભારે વાહનોની અવર-જવર પર પ્રતિબંધ મુકવો જરૂરી જણાતો હોય, જે માટે ટ્રાફીક ડાયવર્ટ કરવા અંગે જાહેરનામું બહાર પાડવા પુરતા કારણો છે.

જેથી હું **વિકલ્પ ભારદ્વાજ, જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી, જિલ્લો-અમરેલી** ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(બી) હેઠળ મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છુ કે, રાજુલા તાલુકાના દાતરડી ગામમાં રામતલા નદી ઉપર આવેલ બ્રીજ પરથી પસાર થતા ભારેથી અતિભારે પ્રકારના તમામ વાહનો માટે રૂટ ડાયવર્ટ કરવામાં આવે છે અને સદરહું વાહનોએ નીચે મુજબના વૈકલ્પિક રૂટ અથવા અન્ય વૈકલ્પિક રૂટ પરથી પસાર થવાનું રહેશે.

વૈકલ્પિક રૂટ-૧

મહુવા થી રાજુલા અને રાજુલા થી મહુવા તરફ જવા વાળા વાહનો માટે હયાત દાતરડી બાયપાસ NHAI-51 ના રસ્તા પરથી પસાર થવાનું રહેશે.

આ જાહેરનામું તા. ૧૪-૦૭-૨૦૨૫ થી સદરહું બ્રીજ નવો ન બને ત્યાં સુધી અથવા મરામત કરી અવર-જવર માટે સલામતીની દ્રષ્ટીએ સુરક્ષિત ન બને ત્યાં સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ માં દર્શાવેલ શિક્ષાને પાત્ર ઠરશે.

જાહેર જનતાની જાણ સારૂ જાહેરનામાની સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, રાજુલાએ નાયબ માહિતી નિયામકશ્રી, અમરેલીની કચેરી મારફત સ્થાનિક વર્તમાનપત્ર, ચેનલો મારફતે પ્રસિધ્ધ કરી તેમજ લોકોને સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર જાહેરનામાની નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવાની રહેશે.

આજ તા. ૧૪ જુલાઈ, સને-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

અમરેલી, ૧૪ માહે જુલાઈ, સને ૨૦૨૫.

ગુજરાત પોલિસ અધિનિયમ–૧૯૫૧ ની કલમ–33 (૧) (બી) હેઠળ જાહેરનામું

વંચાણે લીધા :

(૧) નાયબ કલેકટકરશ્રી, બગસરાના પત્ર નં. એમએજી/વશી/૧૪૧૫/૨૦૨૫, તા. ૧૪-૦૭-૨૦૨૫.

જાહેરનામું

નં. નાચિ/પલસ/વશી/૬૨૧/૨૦૨૫.-વંચાણે લીધા-૧ ના પત્રથી નાયબ કલેકટરશ્રી, બગસરાએ વડિયા તાલુકાના બાંટવા દેવળીથી બરવાળા બાવળ ગામે જતા ફુલકી નદી પર આવેલ બ્રીજ નબળી કક્ષાનો હોય આ પુલને વાહન વ્યવહાર માટે શરુ રાખવો તાંત્રિક રીતે હિતાવળ ન હોવાનું જણાવી, આ પુલ પર વાહન વ્યવહાર બંધ કરવા બાબતે જાહેરનામું બહાર પાડવા અભિપ્રાય સહ દરખાસ્ત રજુ થયેલ છે.

ઉકત રજુ થયેલ દરખાસ્તની વિગતે વડિયા તાલુકાના બાંટવા દેવળીથી બરવાળા બાવળ ગામે જતા ફુલકી નદી પર આવેલ બ્રીજ પર વાહનોની અવર-જવર પર પ્રતિબંધ મુકવો જરૂરી જણાતો હોય, જે માટે ટ્રાફીક ડાયવર્ટ કરવા અંગે જાહેરનામું બહાર પાડવા પુરતા કારણો છે.

જેથી હું **વિકલ્પ ભારદ્વાજ, જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી, જિલ્લો-અમરેલી** ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(બી) હેઠળ મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છુ કે, વડિયા તાલુકાના બાંટવા દેવળીથી બરવાળા બાવળ ગામે જતા ફુલકી નદી પર આવેલ બ્રીજ ઉપરથી પસાર થતા તમામ પ્રકારના વાહનો માટે રૂટ ડાયવર્ટ કરવામાં આવે છે અને સદરહું વાહનોએ નીચે મુજબના વૈકલ્પિક રૂટ અથવા અન્ય વૈકલ્પિક રૂટ પરથી પસાર થવાનું રહેશે.

વૈકલ્પિક રૂટ-૧

ભારે વાહનો માટે બાંટવા દેવળી-વડીયા-બરવાળા બાવળ (૧૧ કિ.મી.)

વૈકલ્પિક રૂટ-૨

ભારે વાહનો સિવાયના વાહનોએ પુલની બાજુમાં ગામમાંથી પસાર થતો રસ્તો

આ જાહેરનામું તા. ૧૪-૦૭-૨૦૨૫ થી સદરહું બ્રીજ નવો ન બને ત્યાં સુધી અથવા મરામત કરી અવર-જવર માટે સલામતીની દ્રષ્ટીએ સુરક્ષિત ન બને ત્યાં સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ માં દર્શાવેલ શિક્ષાને પાત્ર ઠરશે.

જાહેર જનતાની જાણ સારૂ જાહેરનામાની કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ (પંચાયત), અમરેલીએ નાયબ માહિતી નિયામકશ્રી, અમરેલીની કચેરી મારફત સ્થાનિક વર્તમાનપત્ર, ચેનલો મારફતે પ્રસિધ્ધ કરી તેમજ લોકોને સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર જાહેરનામાની નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવાની રહેશે.

આજ તા. ૧૪ જુલાઈ, સને-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

અમરેલી, ૧૪ માહે જુલાઈ, સને ૨૦૨૫.

ગુજરાત પોલિસ અધિનિયમ–૧૯૫૧ ની કલમ–33 (૧) (બી) હેઠળ જાહેરનામું

વંચાણે લીધા :

(૧) મામલતદારશ્રી, લીલીયાના પત્ર નં. એમએજી/વશી/૧૨૭/૨૦૨૫, તા. ૧૨-૦૭-૨૦૨૫.

જાહેરનામું

નં. નાચિ/પલસ/વશી/૬૧૫/૨૦૨૫.-વંચાણે લીધા-૧ ના પત્રથી મામલતદારશ્રી, લીલીયાએ તાલુકામાં પસાર થતા રાજય ધોરી માર્ગ તથા મુખ્ય જિલ્લા માર્ગ પર આવેલ પુલો પૈકી (૧) અંટાળીયા-સાજણટીંબા રોડ પર ગાગડીયાનદી ઉપર આવેલ માઈનોર બ્રીજ તથા (૨) કુંતાણા

એપ્રોચ રોડ પર ખારી નદી ઉપર આવેલ માઈનોર બ્રીજ પર તમામ પ્રકારના વાહનોની અવર-જવર પર પ્રતિબંધ મુકવો જરૂરી જણાતો હોય, જે માટે ટ્રાફીક ડાયવર્ટ કરવા અંગે જાહેરનામું બહાર પાડવા પુરતા કારણો છે.

જેથી હું **વિકલ્પ ભારદ્વાજ, જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી, જિલ્લો-અમરેલી** ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(બી) હેઠળ મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છુ કે, લીલીયા તાલુકાના (૧) અંટાળીયા-સાજણટીંબા રોડ પર ગાગડીયા નદી ઉપર આવેલ માઈનોર બ્રીજ તથા (૨) કુંતાણા એપ્રોચ રોડ પર ખારી નદી ઉપર આવેલ માઈનોર બ્રીજ પરથી પસાર થતા તમામ પ્રકારના વાહનો માટે રૂટ ડાયવર્ટ કરવામાં આવે છે અને સદરહુ વાહનોએ નીચે મુજબના વૈકલ્પિક રૂટ અથવા અન્ય વૈકલ્પિક રૂટ પરથી પસાર થવાનું રહેશે.

(૧) અંટાળીયા-સાજણટીંબા રોડ પર ગાગડીયા નદી ઉપર આવેલ માઈનોર બ્રીજ પરથી પસાર થતા વાહનો માટેના વૈકલ્પિક રૂટ નીચે મુજબ છે.

- સાજણટીંબા થી હાથીગઢ (૩ કિ.મી.)
- સાજણટીંબા થી લુવારીયા (૪ કિ.મી.)
- અંટાળીયા થી લીલીયા (૬ કિ.મી.)

(૨) કુંતાણા એપ્રોચ રોડ પર ખારી નદી ઉપર આવેલ માઈનોર બ્રીજ પરથી પસાર થતા વાહનો માટેના વૈકલ્પિક રૂટ નીચે મુજબ છે.

- કુંતાણા થી ખારા (૩.૭ કિ.મી.)
- કુંતાણા થી ભોરિંગડા (૩.૬ કિ.મી.)

આ જાહેરનામું તા. ૧૪-૦૭-૨૦૨૫ થી સદરહું માઈનોર બ્રીજો નવા ન બને ત્યાં સુધી અથવા મરામત કરી અવર-જવર માટે સલામતીની દ્રષ્ટીએ સુરક્ષિત ન બને ત્યાં સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ માં દર્શાવેલ શિક્ષાને પાત્ર ઠરશે.

જાહેર જનતાની જાણ સારૂ જાહેરનામાની કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ (પંચાયત), અમરેલીએ નાયબ માહિતી નિયામકશ્રી, અમરેલીની કચેરી મારફત સ્થાનિક વર્તમાનપત્ર, ચેનલો મારફતે પ્રસિધ્ધ કરી તેમજ લોકોને સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર જાહેરનામાની નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવાની રહેશે.

આજ તા. ૧૪ જુલાઈ, સને-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરી આપ્યો.

અમરેલી, ૧૪ માહે જુલાઈ, સને ૨૦૨૫.

વિકલ્પ ભારદ્વાજ
જિલ્લા મેજીસ્ટ્રેટ
અમરેલી.

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

ગુજરાત પોલિસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-33 (૧) (બી) હેઠળ જાહેરનામું

વંચાણે લીધા :

(૧) કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ (રાજય), અમરેલીના પત્ર નં. પીબી/આર/૭૨૨, તા. ૨૮-૦૭-૨૦૨૫

(૨) અત્રેના પત્ર નં. નાચી/પલસ/વશી/૬૯૫/૨૦૨૫, તા. ૦૨-૦૮-૨૦૨૫

(૩) પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીના પત્ર નં. ૧૮૬/ટ્રાફિક/વાહન-પ્રતિબંધ/અભિપ્રાય/૧૩૮/૨૦૨૫, તા. ૦૭-૦૮-૨૦૨૫.

(૪) સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, સાવરકુંડલાના પત્ર નં. એમએજી/વશી/૧૧૧૪/૨૦૨૫, તા. ૦૬-૦૮-૨૫.

જાહેરનામું

નં. નાચિ/પલસ/વશી/૭૦૧/૨૦૨૫.-વંચાણે લીધા-૧ ના પત્રથી કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ (રાજય), અમરેલીના તા.૨૮-૦૭-૨૦૨૫ ના પત્રથી અમરેલી સાવરકુંડલા રોડ કી.મી. ૨૮-૫૦૦ થી ૩૫-૩૦૦ (સ્ટેટ હાઈવે) માં ભુવા રોડના પુલથી રિદ્ધી સિદ્ધિ ચોક સુધી સી.સી. રોડનું કામ ચાલુ કરવામાં આવનાર હોય, ભુવા રોડના પુલથી રિદ્ધી સિદ્ધિ ચોક સુધી કામ શરૂ થયેથી કામ પુર્ણ ન ત્યાં સુધી સદરહું રોડ પરથી પસાર થતાં તમામ પ્રકારના વાહનો પર પ્રતિબંધ મુકી વાહન વ્યવહાર ડાયવર્ટ કરવા જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત રજુ થયેલ છે.

ઉકત વિગતેની રજુ થયેલ દરખાસ્ત પરત્વે અત્રેના વંચાણે લીધા-૨ ના પત્રથી પોલીસ અધિક્ષકશ્રી, અમરેલી તથા સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટશ્રી, સાવરકુંડલા પાસેથી અભિપ્રાય અહેવાલ મંગાવતા, નીચેની વિગતે રજુ થયેલ છે.

વંચાણે લીધા-૩નાં પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીએ અમરેલી થી સાવરકુંડલા રોડ કી.મી. ૨૮-૫૦૦ થી ૩૫-૩૦૦ માં ભુવારોડના પુલથી રીધ્ધી-સીધ્ધી ચોક સુધીનું સી.સી. રોડનું કામ ચાલુ કરવામાં આવનાર હોય જે અમરેલી રોડ થી સાવરકુંડલા શહેરમાં આવતા જતા મોટા વાહનો ઉપરાંત નાના અને મધ્યમ વાહનોનો વાહન વ્યવહાર બંધ કરી મોટા ભારે વાહનો બાયપાસ ઉપરથી પસાર થવા તથા નાના વાહનોએ વૈકલ્પીક રૂટમાંથી પસાર થવામાં કોઈ હાલ મુશ્કેલી કે વાંધાજનક ન હોય ભુવા રોડના પુલથી રીધ્ધી-સીધ્ધી ચોક સુધી વાહન વ્યવહાર બંધ કરી, (૧) ખાતર વાડી ભુવા રોડ પુલથી શિવાજીનગર, ગોંદરા થઈ જુના બસ સ્ટેશન રોડ થી રીધ્ધી-સીધ્ધી ચોક (નાના વ્હીકલ માટે) તથા (૨) મોટા વ્હીકલ તથા એસ.ટી. બસને બાયપાસ તરફથી (તથા અન્ય રૂટથી) વૈકલ્પીક રૂટ પરથી પસાર થવા જાહેરનામું પ્રસિદ્ધ કરવા સ્પષ્ટ અભિપ્રાય આપેલ છે.

વંચાણે લીધા-૪ ના પત્રથી સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટશ્રી, સાવરકુંડલાએ ભુવા રોડના પુલથી રીધ્ધી-સિધ્ધિ ચોક સુધીનો વાહન વ્યવહાર બંધ કરી વૈકલ્પિક રૂટ (૧) નાના વાહનો : ખાતરવાડીથી ભુવા રોડ પુલથી શીવાજીનગર, ગોંદરા થઈ જુના બસ સ્ટેશન રોડથી રીધ્ધી-સીધ્ધી ચોક તથા (૨) મોટા વાહનો : સાવરકુંડલા બાયપાસ રોડ (અમરેલી રોડથી મહુવા રોડ) પરથી પસાર થવા માટેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા ''હકારાત્મક'' અભિપ્રાય આપેલ છે.

પ્રસ્તુત બાબતે, રજુ થયેલ દરખાસ્તની વિગતે અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકામાં આવેલ અમરેલી-સાવરકુંડલા રોડ કી.મી. ૨૮-૫૦૦ થી ૩૫-૩૦૦ (સ્ટેટ હાઈવે)માં ભુવા રોડના પુલથી રિદ્ધી સિદ્ધિ ચોક સુધી સી.સી. રોડનું કામ ચાલુ કરવામાં આવનાર હોય, ભુવા રોડના પુલથી રિદ્ધિ સિધ્ધિ ચોક સુધી કામ શરૂ થયેથી કામ પુર્ણ ન થાય ત્યાં સુધી સદરહું રોડ પરથી પસાર થતા વાહનોની અવર-જવર પર પ્રતિબંધ મુકવો જરૂરી જણાતો હોય, જે માટે ટ્રાફીક ડાયવર્ટ કરવા અંગે જાહેરનામું બહાર પાડવા પુરતા કારણો છે.

જેથી હું **દિલિપસિંહ ગોહિલ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી, જિલ્લો-અમરેલી** ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(બી) હેઠળ મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છુ કે, અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકામાં આવેલ અમરેલી-સાવરકુંડલા રોડ કી.મી. ૨૮-૫૦૦ થી ૩૫-૩૦૦ (સ્ટેટ હાઈવે)માં ભુવા રોડના પુલથી રિદ્ધી સિદ્ધિ ચોક સુધીના રોડ પરથી પસાર થતા તમામ વાહનોની અવર-જવર પર પ્રતિબંધ મુકવામાં આવે છે અને તમામ વાહનોએ નીચે મુજબના વૈકલ્પિક રૂટ અથવા અન્ય વૈકલ્પિક રૂટ પરથી પસાર થવાનું રહેશે.

વૈકલ્પિક રૂટ-૧

નાના વાહનોએ ખાતર વાડી ભુવા રોડ પુલથી શિવાજીનગર, ગોંદરા થઈ જુના બસ સ્ટેશન રોડ થી રીધ્ધી-સીધ્ધી ચોક રોડ પરથી પસાર થવાનું રહેશે.

વૈકલ્પિક રૂટ-૧

મોટા વ્હીકલ તથા એસ.ટી. બસએ સાવરકુંડલા બાયપાસ તરફથી અન્ય રૂટ પરથી પસાર થવાનું રહેશે.

આ જાહેરનામું તા. ૦૮-૦૮-૨૦૨૫ થી તા. ૦૬-૧૦-૨૦૨૫ (બંને દિવસો સહિત) સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ માં દર્શાવેલ શિક્ષાને પાત્ર ઠરશે.

જાહેર જનતાની જાણ સારૂ પોલીસ અધિક્ષકશ્રી, અમરેલી, નાયબ માહિતી નિયામકશ્રી, અમરેલીની કચેરી મારફત સ્થાનિક વર્તમાનપત્ર, ચેનલો મારફતે પ્રસિધ્ધ કરી તથા જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનના નોટીસ બોર્ડ પર જાહેરનામાની નકલ ચોટાડીને પ્રસિધ્ધ કરાવવાની રહેશે, તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર જાહેરનામાની નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવાની રહેશે.

આજ તા. ૦૮ ઓગષ્ટ, સને-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

અમરેલી, ૦૮ માહે ઓગષ્ટ, સને ૨૦૨૫.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના કાયદાની કલમ-૩૭(૧), ૩૭(૩) અને 33 હેઠળ

વંચાણે લીધા :

(૧) પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીનાં પત્ર નં. એલ.આઈ.બી./હથિયારબંધી જાહેરનામું/૨૧૧૬/૨૦૨૫, તા. ૩૧-૦૭-૨૦૨૫.

જાહેરનામું

નં. નાચી/પલસ/વશી/૬૮૧/૨૦૨૫.-વંચાણે લીધા ક્રમાંક-૧ થી પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીનાં તા. ૩૧-૦૭-૨૦૨૫નાં પત્રથી આગામી તા. ૦૯-૦૮-૨૦૨૫ રોજ રક્ષાબંધન તેમજ તા. ૧૫-૦૮-૨૦૨૫ નાં રોજ ૧૫ મી ઓગષ્ટ તથા તા. ૧૬-૦૮-૨૦૨૫ ન રોજ જન્માષ્ટમીનાં તહેવારોની ઉજવણી થનાર હોય જેથી તકેદારીના ભાગ રૂપે સમગ્ર અમરેલી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે અનુસંધાને તકેદારીનાં ભાગરૂપે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) તથા કલમ-૩૭(૩) મુજબ જાહેરનામુ પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરેલ છે.

ઉકત દરખાસ્ત ધ્યાને લેતા આગામી સમયમાં રક્ષાબંધન, ૧૫મી ઓગષ્ટ તથા જન્માષ્ટમીના તહેવારોની ઉજવણી થનાર હોય, જેથી હાલની પ્રવર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને સમગ્ર અમરેલી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે તેમજ જાહેર સુલેહ શાંતિ અને સલામતી જાળવવા માટે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૧ તથા કલમ-૩ તથા કલમ-૩૩ અન્વયે પગલા લેવા પુરતા કારણો છે. તેની મને ખાત્રી થઈ છે.

જેથી હું, **દિલિપસિંહ ગોહિલ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી,** ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭ની પેટા કલમ-૩૭(૧) અન્વયે મળેલ સત્તાની રૂઈએ આથી ફરમાવું છું કે,

(૧) અમરેલી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તા. ૦૪-૦૮-૨૦૨૫ થી તા. ૧૮-૦૮-૨૦૨૫ (બંને દિવસો સહિત) નીચે મુજબના કૃત્યો પર પ્રતિબંધ ફરમાવું છું,

A. શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદૂક, ચપ્પુ, લાકડી અથવા લાઠી અથવા શારિરીક ઈજા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની,

B. કોઈપણ ક્ષયધર્મી અથવા સ્ફોટક પદાર્થો લઈ જવાની,

C. પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે શસ્ત્રો ફેંકવાના અથવા નાખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની, એકઠાં કરવાની તથા તૈયાર કરવાની,

D. કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની,

E. વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાની,

F. લોકોએ બૂમ પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની,

N. છટાદાર ભાષણ આપવાની, ચાળા પાડવાથી અથવા નકલ કરવાની તથા ચિત્રો નિશાનીઓ, જાહેર ખબરો અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીશ્રીના અભિપ્રાય પ્રમાણે સૂરૂચિ અથવા નિતીનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેને પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની, તે ચાળા વગેરે કરવાની અને ચિત્રો, નિશાનીઓ વગેરે તૈયાર કરવાની, તે દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

(૨) આ હુકમ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(q) ફરજ પર રોકાયેલ પોલીસ તથા હોમ ગાર્ડ સહિતના તમામ સરકારી તેમજ અર્ધ સરકારી કર્મચારી તથા અધિકારીઓને,

(qq) શારીરિક અશક્તિને કારણે લાકડી તથા લાઠી લઈને ફરવુ જરૂરી છે તેવી વ્યક્તિઓને,

(૩) વધુમાં ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૩ તથા કલમ-૩૩ હેઠળ મળેલ સત્તાની રૂઈએ, તા. ૦૪-૦૮-૨૦૨૫ થી તા. ૧૮-૦૮-૨૦૨૫ (બંને દિવસો સહિત) અમરેલી જિલ્લાનાં સમગ્ર વિસ્તારની અંદર સંબંધિત સબ ડીવઝનલ મેજીસ્ટ્રેટશ્રીની પુર્વ મંજુરી/પરવાનગી સિવાય કોઇ સભા મંડળી ભરવાની અથવા સરઘસ કાઢવાની તેમજ સંબંધિત તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રીની પૂર્વ મંજૂરી/પરવાનગી સિવાય લાઉડ સ્પીકર વગાડવાની હું મનાઈ ફરમાવુ છું.

(૪) ઉપરોક્ત પેરા-૩માં કરવામાં આવેલ આદેશ ફરજ પરના કોઈપણ સરકારી/અર્ધસરકારી કર્મચારીઓ અને અધિકારીઓને તેમજ કોઈપણ વરઘોડા તથા સ્મશાનયાત્રાને લાગુ પડશે નહિ.

(૫) આ જાહેરનામુ ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્સ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ તથા ૧૩૫ ની જોગવાઈ મુજબ સજા તથા દંડને પાત્ર થશે.

હું એવો પણ આદેશ કરૂં છું કે, જાહેર જનતાની જાણ સારૂ પોલીસ અધિક્ષકશ્રી અમરેલીએ સદરહું હુકમ નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાએ તેની નકલ ચોંટાડીને તથા નાયબ માહિતી નિયામકશ્રી, અમરેલીની કચેરી મારફત સ્થાનિક વર્તમાનપત્ર, ચેનલો મારફતે બહોળી જાહેરાત કરી/કરાવીને પ્રસિધ્ધ કરવો.

આજ તા. ૩૧ જુલાઈ સને-૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

અમરેલી, ૩૧ માહે જુલાઈ, સને ૨૦૨૫.

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (બી.એન.એસ.એસ.)-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ

વંચાણે લીધા :

૧. ઉપસચિવશ્રી (કા.વ્ય.-૧) ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના પત્ર ક્રમાંક : વિ.-૧/કઅવ/૧૦૨૦૨૧/૧૪૧૧, તા. ૨૯-૦૮-૨૦૨૨.

૨. ડાયરેકટરશ્રી, વન અને પાર્યવરણ વિભાગ, ગાંધીનગરના પત્ર નં. ENV/10/2010/1004-Part-II (2021) T, તા. ૨૯-૦૭-૨૦૨૨.

૩. ગૃહ વિભાગ, ગાંધીનગરનાં પત્ર ક્રમાંક : વિ-૨/ડીએસએમ/૧૦૨૦૨૪/૭૩(પાર્ટ-૬), તા. ૨૩-૦૮-૨૦૨૪

૪. ડાયરેકટરશ્રી, વન અને પાર્યવરણ વિભાગ, ગાંધીનગરના પત્ર નં. ENV/10/2010/1004-Part-II (2021) T, તા. ૧૪-૦૮-૨૦૨૪.

૩. પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીના પત્ર નં. એલઆઈબી/ગણેશ સ્થાપના/જાહેરનામું/૨૩૦૩/૨૦૨૫, તા. ૧૮-૦૮-૨૦૨૫.

જાહેરનામુ

નં. નાચિ/પલસ/વશી/૭૧૭/૨૦૨૫.-વંચાણે લીધા-૧ ના ઉપસચિવશ્રી (કા.વ્ય.-૧), ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના પત્રથી ગણેશ મહોત્સવ નિમિત્તે સ્થાનિક પરિસ્થિતિને લક્ષમાં લઈ ગણેશજીની મૂર્તીની ઉંચાઈ સબંધમાં ઉચિત જાહેરનામા બહાર પાડવા જણાવેલ છે.

વંચાણે લીધા-૨ના ડાયરેકટરશ્રી, વન અને પર્યાવરણ વિભાગ, ગાંધીનગરના પત્રથી ગણેશ ઉત્સવ તેમજ અન્ય તહેવારો દરમિયાન મૂર્તિ વિસર્જન સંદર્ભે પર્યાવરણને નુકશાન ન થાય તે હેતુથી નામ. મુંબઈ હાઈકોર્ટ, સેન્ટ્રલ પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડ તથા નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલ દ્વારા બહાર પાડવામાં આવેલ ગાઈડલાઈનનું પાલન કરવા જણાવેલ છે.

વંચાણે લીધા-૩ થી ગૃહ વિભાગ, ગાંધીનગરનાં તા. ૨૩-૦૮-૨૦૨૪નાં પત્રથી વડોદરા શહેરનાં હરણી તળાવ ખાતે બનેલ ઘટના બાબતે નામ.ગુજરાત હાઈકોર્ટ દ્વારા સુઓમોટો રીટ પીટીશન નં. ૦૯/૨૦૨૪ દાખલ કરવામાં આવેલ. જેના તા. ૦૯-૦૮-૨૦૨૪નાં હુકમથી બોટીંગ પ્રવૃતિઓનું નિયમન તેમજ ગણેશ ઉત્સવ અંગે આપવામાં આવેલ દિશાનિર્દેશોનું સંપૂર્ણ પણે અમલીકરણ થાય તે સુનિશ્ચિત કરવા સૂચના થઈ આવેલ છે.

વંચાણે લીધા-૪નાં ડાયરેકટરશ્રી, વન અને પર્યાવરણ વિભાગ, ગાંધીનગરના પત્રથી ગણેશ ઉત્સવ તેમજ અન્ય તહેવારો દરમિયાન મૂર્તિ વિસર્જન સંદર્ભે પર્યાવરણને નુકશાન ન થાય તે હેતુથી નામ.મુંબઈ હાઈકોર્ટ, સેન્ટ્રલ પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડ દ્વારા તા. ૧૨-૦૫-૨૦૨૦નાં રોજ મુર્તિ વિસર્જન માટે નવી સુધારેલી માર્ગદર્શિકા બહાર પાડી છે તે મુજબ તથા નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલ દ્વારા બહાર પાડવામાં આવેલ ગાઈડલાઈનનું પાલન કરવા જણાવેલ છે.

વંચાણે લીધા-૫ પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીના પત્રથી અમરેલી જિલ્લામાં દર વર્ષે ગણેશ મહોત્સવનો તહેવાર ખૂબ ઉત્સાહ અને ધામધૂમ પુર્વક મનાવવામાં આવે છે. અમરેલી જિલ્લામાં આ વર્ષે ગણેશ મહોત્સવ નિમિત્તે તા. ૨૭-૦૮-૨૦૨૫ ના રોજ ભગવાનશ્રી ગણેશજીની પ્રતિમાઓની સ્થાપના થનાર છે અને સ્થાપના કરવામાં આવેલ ગણેશજીની મુર્તિઓના વિસર્જન સરઘસો કાઢી મુર્તિઓ પાણીમાં વિસર્જન કરી ઉત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવે છે. જેમાં અમુક ભાવિકો દ્વારા આ સ્થાપના કરવામાં આવેલ ગણેશજીની મુર્તિઓને સ્થાપના કર્યાના ત્રીજા દિવસે, પાંચમા દિવસે, સાતમા દિવસે, નવમા દિવસે અને મોટાભાગના ભાવિકો દ્વારા અગીયારમાં દિવસે એટલે કે તા. ૦૬-૦૯-૨૦૨૫ ના રોજ મુર્તિઓના વિસર્જન સરઘસો કાઢી ગણેશજીની મુર્તિઓને, નદી, તળાવ કે દરીયામાં પધરાવીને વિસર્જન કરવામાં આવે છે. આ મહોત્સવને અનુલક્ષીને મુર્તિકારો દ્વારા અગાઉથી મુર્તિઓ તૈયાર કરવામાં આવે છે દરમ્યાન મુર્તિ બનાવવા માટે કેમિકલયુકત રંગોનો ઉપયોગ થતો હોય, આવી મૂર્તીઓને નદી, તળાવ, ચેકડેમ કે દરીયાના પાણીમાં વિસર્જન કરવાથી પાણીમાં રહેતા પાણીજન્યો (માછલી તથા અન્ય), મનુષ્યને પણ નુકશાન થાય છે, જેથી પાણી તથા પર્યાવરણને થતા પ્રદુષણને અટકાવવા કેન્દ્રીય પ્રદુષણ બોર્ડ દ્વારા આપવામાં આવેલ ગાઈડલાઈન મુજબ તેમજ સરકારશ્રી દ્વારા બહાર પાડવામાં આવેલ ઠરાવો તેમજ નામ.સુપ્રિમ કોર્ટ દ્વારા મુર્તિઓના વિસર્જન અંગે આપવામાં આવેલ ગાઈડલાઈન ધ્યાને લઈ સમગ્ર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ તેમજ પર્યાવરણની સુરક્ષાને લક્ષમાં રાખીને કાયદો-વ્યવસ્થા જળવાય રહે તેમજ કોઈ અનિચ્છનીય બનાવ બનવા ન પામે તે માટે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ તા. ૧૯-૦૮-૨૦૨૫ થી તા. ૦૬-૦૯-૨૦૨૫ સુધી જરૂરી નિયંત્રક જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત રજુ થયેલ છે.

સબબ, ઉકત વિગતે રજુ થયેલ દરખાસ્ત ધ્યાને લેતા, જિલ્લામાં આગામી સમયમાં ઉજવણી થનાર ગણેશ મહોત્સવના તહેવાર દરમ્યાન કાયદો-વ્યવસ્થા જળવાય રહે અને કોઈ અનિચ્છનીય બનાવ બનવા ન પામે તેમજ પર્યાવરણને થતા પ્રદુષણને અટકાવવા માટે તથા નાગરિકોની સુરક્ષા માટે જરૂરી પ્રતિબંધ ફરમાવવા માટે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ જરૂરી નિયંત્રક જાહેરનામું જારી કરવા પુરતા કારણો છે.

વાસ્તે હું, **દિલિપસિંહ ગોહિલ (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી જિલ્લો,** ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (બી.એન.એસ.એસ.)-૨૦૨૩ની કલમ-૧૬૩ થી મળેલ સત્તાની રૂઈએ સમગ્ર અમરેલી જિલ્લાના વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ અને પર્યાવરણની સુરક્ષાને લક્ષમાં રાખીને નીચે મુજબની પ્રવૃત્તિઓ પર પ્રતિબંધ ફરમાવું છું.

૧. શ્રી ગણેશજીની માટીની મૂર્તિ બેઠક સહિત ''૯ (નવ) ફૂટ'' કરતા વધુ ઊંચાઈની બનાવવા, વેચવા કે સ્થાપના કરવા તથા જાહેર માર્ગ ઉપર પરિવહન કરવા ઉપર.

૨. શ્રી ગણેશજીની પી.ઓ.પી.ની મૂર્તિ બેઠક સહિત ''૫ (પાંચ) ફૂટ'' કરતા વધુ ઊંચાઈની બનાવવા, વેચવા કે સ્થાપના કરવા તથા જાહેર માર્ગ ઉપર પરિવહન કરવા ઉપર.

૩. નક્કી કરેલ વિસર્જન સ્થળો અને લીધેલ મંજુરીમાં દર્શાવેલ સ્થળ સિવાય અન્ય કોઈ સ્થળ ખાતે વિસર્જન કરવા ઉપર.

૪. મૂર્તિકારો જે જગ્યાએ મૂર્તિઓ બનાવવાની કામગીરી કરે છે, તે જગ્યા તથા વેચાણ માટે રાખે છે, તે જગ્યાની આજુબાજુ તથા નજીકમાં કોઈપણ પ્રકારની ગંદકી કરવા કે કોઈપણ પ્રકારની મૂર્તિ રોડ ઉપર જાહેરમાં ખુલ્લી રાખવા ઉપર તથા મૂર્તિઓના સ્થાપના દિવસ બાદ વધેલી તથા ખંડીત મૂર્તિઓને બિવનવારસી હાલતમાં મૂકવા પર.

૫. મૂર્તિઓની બનાવટમાં પાણીમાં સરળતાથી ન ઓગળી શકે તેવા ઝેરી કેમિકલયુકત રંગોનો ઉપયોગ કરવા ઉપર.

૬. કોઈપણ ધર્મના લોકોની લાગણી દુભાય તેવા કોઈ ચિહ્નો કે નિશાનીવાળી મૂર્તિઓ બનાવવા, ખરીદવા, વેચવા કે સ્થાપના કરવા ઉપર.

૭. વિસર્જન સરઘસ માટે પરમીટમાં દર્શાવેલ રૂટ સિવાયના અન્ય રૂટ ઉપર શોભાયાત્રા/સરઘસ કાઢવા ઉપર.

૮. મૂર્તિઓને વિસર્જન કર્યા બાદ પાણીમાંથી બહાર કાઢી પરત લઈ જવા ઉપર.

અમલવારીનો વિસ્તાર :

આ હુકમ સમગ્ર અમરેલી જિલ્લા વિસ્તારમાં લાગુ પડશે.

અમલવારીનો સમયગાળો :

આ હુકમ તા. ૧૯-૦૮-૨૦૨૫ થી તા. ૦૬-૦૯-૨૦૨૫ (બન્ને દિવસો સહિત) સુધી સમગ્ર સમયગાળા માટે અમલી રહેશે.

શિક્ષા :

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ની જોગવાઈઓ હેઠળ કાનુની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તથા તે હેઠળ સજાને પાત્ર થશે. તેમજ આ હુકમ અન્વયે ફરજ પરના કોઈપણ હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરના અમરેલી જિલ્લાના પોલીસ અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓને આ હુકમનો ભંગ કરનાર ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

જાહેર વિજ્ઞપ્તિ :

તમામ નાગરીકોને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી/કરાવવી શકય ન હોઈ આથી એક તરફી હુકમ ફરમાવવામાં આવે છે. જાહેર જનતાની જાણ સારૂ પોલીસ અધિક્ષકશ્રી, અમરેલી તથા નાયબ માહિતી નિયામકશ્રી, અમરેલીની કચેરી મારફત સ્થાનિક વર્તમાનપત્ર, ચેનલો મારફતે પ્રસિધ્ધ કરી તથા જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનના નોટીસ બોર્ડ પર જાહેરનામાની નકલ ચોટાડીને પ્રસિધ્ધિ કરાવવાની રહેશે તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર જાહેરનામાની નકલ ચોંટાડી પ્રસિધ્ધ કરવામાં આવશે.

આજ તા. ૧૮, ઓગષ્ટ સને ૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

અમરેલી, ૧૮ માહે ઓગષ્ટ, સને ૨૦૨૫.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું જાહેરનામું

વંચાણે લીધા :

(૧) પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીના પત્ર નં. એસ.ઓ.જી./જાહેરનામું/મ.એ.ભાડેનો/૮૨૫/૨૦૨૫, તા. ૧૧-૦૮-૨૦૨૫.

હુકમ

નં. નાયિ/પલસ/વશી/ઈ-૧૮૫૩૬૦/૨૦૨૫.-વંચાણે લીધા-૧ પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીનાં પત્રથી થયેલ દરખાસ્તની વિગતો મુજબ ત્રાસવાદી, અસામાજીક તત્વો રહેણાંક તથા ઔધોગીક વિસ્તારો તેમજ ગીચ વસ્તીવાળા વિસ્તારોમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતીનો ભંગ કરતા હોય છે. તેમજ આતંકવાદી પ્રવૃતિ કરતા હોય છે. જેથી માનવ જીન્દગીની ખુવારી થાય છે અને જાહેર તેમજ લોકોની સંપતીને નુકશાન પહોંચાડે છે. બહારના જિલ્લામાંથી કે રાજય બહારથી આવતા આવા તત્વો અલગ-અલગ વિસ્તારોમાં મજુરો, કડીયાકામ, ઈંટોનાં ભઠ્ઠા, હોટલ, ધાબા, રેસ્ટોરન્ટ, ગેસ્ટ હાઉસમાં રસોઈયા, ફેકટરી, કારખાના, નાની-મોટી ખાણી પીણીની દુકાનો, લારીઓ ઉપર તથા કલરકામ કરતા તથા ખેત મજુરોને રોજગારી આપી રહેણાંક તથા ઔદ્યોગીક વિસ્તારોમાં મકાન/એકમો ભાડે રાખી રહેતા હોય છે અને વિસ્તારનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃતિને અંજામ આપતા હોય છે.

અમરેલી જિલ્લો વિશાળ દરીયા કિનારો ધરાવે છે. જિલ્લામાં પ્રવાસ-પર્યટનના તથા ધાર્મિક ઘણા સ્થળો આવેલા છે. જ્યાં વિશાળ પ્રમાણમાં દેશ-વિદેશના પ્રવાસીઓ, યાત્રાળુઓ આવે છે. આજ રીતે જિલ્લામાં આવેલ ઔદ્યોગિક એકમોમાં પરપ્રાન્તના માણસો કામ-ધંધા અર્થે આવતા હોય છે. બહારના જિલ્લા, રાજયોમાંથી કે દેશ બહારથી આવતા આવારા તત્વો મકાન/ઔધોગીક એકમ/ઓફીસ/દુકાન/ગોડાઉન/કોલ્ડસ્ટોરેજ વિગેરે જગ્યા ભાડે રાખીને રહેતા હોય છે. અને આવા સંજોગોમાં ત્રાસવાદી પ્રવૃતિ સાથે સંકળાયેલ ઈસમો સ્થાનિક પરિસ્થિતીથી માહિતગાર થઈ તેઓની ત્રાસવાદી પ્રવૃતિને અંજામ આપતા હોય છે. લોકોનાં જાનમાલનું રક્ષણ કરવાની તંત્રની ફરજ છે. જેથી અત્રેનાં જિલ્લામાં કોઈ પણ મકાન/ઔધોગિક એકમ/ઓફીસ/દુકાન/ગોડાઉન/કોલ્ડસ્ટોરેજ વિગેરે જગ્યા ભાડે આપનાર ઉપર નિયંત્રણો મુકવા જરૂરી જણાય છે. આમ પોલીસ અધિક્ષકશ્રી, અમરેલી તરફથી રજુ થયેલ દરખાસ્ત મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવુ ઉચિત જણાય છે.

આથી **હું, દિલિપસિંહ ગોહિલ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી,** ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ આથી હુકમ કરૂં છું કે, અમરેલી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈ મકાન/ઔદ્યોગિક એકમ/ઓફીસ/દુકાન/ગોડાઉન/કોલ્જસ્ટોરેજ વિગેરે જગ્યા ભાડે આપે ત્યારે જે તે વ્યકિત પાસેથી માહિતી/આધાર પુરાવા તેમજ ઓળખ મેળવીને સબંધિત પોલીસ સ્ટેશન ખાતે નીચે મુજબની જાણ કર્યા બાદ જ જગ્યા ભાડે આપવાની રહેશે. તેમજ જે તે પોલીસ સ્ટેશનનાં અધિકારીએ આવી જગ્યા ભાડે રાખનારની તમામ હકિકત અંગે યોગ્ય અને પુરતી ચકાસણી કરવાની રહેશે.

મકાન/ઔદ્યોગીક એકમ/ઓફીસ/દુકાન/ગોડાઉન/કોલ્ડસ્ટોરેજ વિગેરનાં માલિકોએ જગ્યા ભાડે આપતી વખતે સબંધિત પોલીસ સ્ટેશનમાં જાણ કરવાનું નિયત નમુના મુજબની માહિતીનું ફોર્મ

ક્રમ	મકાન/ઔદ્યોગીક એકમ/ઓફીસ/ દુકાન/ગોડાઉન/કોલ્ડસ્ટોરેજ વિગેરે જગ્યાનાં માલિક/સંચાલકનું નામ/ સરનામું અને ટેલીફોન નંબર/ મોબાઈલ નંબર તથા ભાડે આપેલ મકાન/ઔદ્યોગીક એકમ/ઓફીસ/ દુકાન/ગોડાઉન/કોલ્ડસ્ટોરેજ ની વિગત જેમા કયાં વિસ્તારમાં આવેલ છે અને મકાનનું બાંધકામ કેટલા ચો.મી. છે.?	મકાન/ઔદ્યોગીક એકમ/ઓફીસ/દુકાન/ ગોડાઉન/કોલ્ડસ્ટોરેજ વિગેર ભાડે આપવા સત્તા ધરાવતા વ્યકિતનું નામ/ સરનામું/ટેલીફોન નંબર/ મોબાઈલ નંબર	મકાન/ઔદ્યોગીક એકમ/ઓફીસ/દુકાન/ ગોડાઉન/કોલ્ડસ્ટોરેજ વિગેર કઈ તારખથી ભાડે આપેલ છે. તથા માસિક ભાડુ કેટલુ છે.	જે વ્યકિતને મકાન/ઔદ્યોગીક એકમ/ઓફીસ/ દુકાન/ગોડાઉન/ કોલ્ડસ્ટોરેજ વિગેરે ભાડે આપેલ છે. તેનુ પુરૂ નામ તથા હાલનું સરનામું ટેલીફોન નંબર/મોબાઈલ નંબર ફોટોગ્રાફ વિગેરે.	જે વ્યકિતને મકાન/ઔદ્યોગીક એકમ/ઓફીસ/ દુકાન/ગોડાઉન/ કોલ્ડસ્ટોરેજ વિગેરે ભાડે આપેલ છે. તેમના મુળ વતનનું પાકુ સરનામું તથા વતનમાં ઓળખાતા ત્રણ સગા સબંધી નાં નામ/સરનામાં/ મોબાઈલ નંબર	મકાન/ઔદ્યોગીક એકમ/ઓફીસ/ દુકાન/ગોડાઉન/ કોલ્ડસ્ટોરેજ વિગેરેનાં ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યકિતનું નામ/ સરનામુ/ટેલીફોન નંબર/મોબાઈલ નંબર
૧	૨	૩	૪	૫	૬	૭

અમલવારીનો સમયગાળો :

આ હુકમ તા. ૧૨-૦૯-૨૦૨૫ થી તા. ૧૦-૧૧-૨૦૨૫ (બંને દિવસો સહિત) દિવસ-૬૦ સુધીના સમયગાળા માટે અમલી રહેશે.

શિક્ષા :

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સામે ''ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩''ની જોગવાઈઓ હેઠળ કાનુની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તથા તે હેઠળ સજાને પાત્ર થશે. અને આ હુકમ અન્વયે ફરજ પરના કોઈપણ હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરના અમરેલી જિલ્લાના પોલીસ અધિકારીશ્રીઓને આ હુકમનો ભંગ કરનાર ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

જાહેર વિજ્ઞપ્તિ :

તમામ નાગરીકોને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી/કરાવવી શકય ન હોઈ આથી એક તરફી હુકમ કરવામાં આવે છે. જાહેર જનતાની જાણ સારૂ પોલીસ અધિક્ષકશ્રી, અમરેલી તથા નાયબ માહિતી નિયામકશ્રી, અમરેલીની કચેરી મારફત સ્થાનિક વર્તમાનપત્રો, ચેનલો મારફતે પ્રસિધ્ધ કરી તથા જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનના નોટીસ બોર્ડ પર જાહેરનામાની નકલ ચોટાડીને પ્રસિધ્ધ કરાવવાની રહેશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર જાહેરનામાની નકલ ચોંટાડી પ્રસિધ્ધ કરવાની રહેશે. તેમજ એસ.ઓ.જી. શાખાએ તમામ વ્યકિતઓને જાણ થાય તે માટે બહોળી પ્રસિધ્ધ કરવા તથા સમજ આપવાની રહેશે.

આજ તા. ૧૧ સપ્ટેમ્બર, સને ૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનાં સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ જાહેરનામું બહાર પાડેલ છે.

અમરેલી, ૧૧ માહે સપ્ટેમ્બર, સને ૨૦૨૫.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું

વંચાણે લીધા :

(૧) પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીના પત્ર નં. એસ.ઓ.જી./જાહેરનામું/સ્પા/રીન્યુ/૮૨૯/૨૦૨૫, તા. ૧૧-૦૮-૨૦૨૫.

જાહેરનામું

નં. નાચિ/પલસ/વશી/ઈ-૧૮૨૬૦૧/૨૦૨૫.-

૧. વંચાણે લીધા-૧ના પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીના પત્રથી તાજેતરમાં અમરેલી જિલ્લાના રહેણાંક વિસ્તારમાં તથા ઔદ્યોગિક વિસ્તારોમાં સ્પા/મસાજ પાર્લર ચલાવવાની આડમાં નશીલા કેફી દ્રવ્યોનું સેવન તથા દેહ વ્યપાર તથા અન્ય ગેરકાયેદસર કૃત્યો ચલાવતા હોવાનું જણાવય આવેલ છે. કેટલાક અસામજિક તત્વો આવા સ્પા/મસાજ પાર્લરની આડમાં ગુનાહીત કૃત્યો કરી, જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરતા હોવાનું જણાય આવેલ હોઈ સ્પા/મસાજ પાર્લરના માલીકો અગર તો આવા સ્પા/મસાજ પાર્લરના સંચાલકોએ તેમાં કામ કરતા કર્મચારીઓની સંખ્યા તથા ફોટોગ્રાફસ સાથેની સંપૂર્ણ વિગત SOG ઓફિસ તથા જે-તે પોલીસ સ્ટેશનો ખાતે આપવા અંગેનું જાહેરનામું પ્રસિદ્ધ કરવા દરખાસ્ત રજુ થયેલ છે.

સબબ, ઉકત વિગતે રજુ થયેલ દરખાસ્ત ચકાસતા, અમરેલી જિલ્લામાં સ્પા/મસાજ પાર્લરોની આડમાં થતા ગુન્હાહીત કૃત્યો અટકાવવા અને જાહેર સલામતી અને શાંતિ જાળવવાના ઉદેશથી સ્પા/મસાજ પાર્લરોની માહિતી SOG કચેરી તથા જે-તે વિસ્તારના પોલીસ સ્ટેશનમાં હોવી જરૂરી છે. જે માટે જાહેરનામું પ્રસિદ્ધ કરવું જરૂરી જણાય છે.

૨. વાસ્તે હું, **દિલિપસિંહ ગોહિલ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી જિલ્લો,** ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩થી મળેલ સત્તાની રૂઈએ સમગ્ર અમરેલી જિલ્લાના વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ અને સુરક્ષાને લક્ષમાં રાખીને નીચેની વિગતે હુકમ ફરમાવું છું.

અમરેલી જિલ્લામાં સ્પા/મસાજ પાર્લરોના માલીકો તથા સંચાલકોએ સ્પા/મસાજ પાર્લરોમાં કામ કરતા કર્મચારીઓની સંખ્યા સહિત ફોટો ગ્રાફસ સાથેની નીચે મુજબની માહિતી જે-તે પોલીસ સ્ટેશને આપવી રહેશે. સ્પા/મસાજ પાર્લરમાં રેકોર્ડીંગની સુવિધા સાથે સી.સી.ટી.વી. એન્ટ્રી, રિસેપ્શન તથા કોમન એરીયામાં ફરજીયાત રાખવાના રહેશે. તેમજ ૩૦ દિવસ સુધીના સી.સી.ટી.વી. રેકોર્ડીંગની સંપૂર્ણ માહિતી સાથે સાચવી રાખવાની રહેશે અને સંબંધિત પોલીસ સ્ટેશને જરૂર પડ્યે આ માહિતી આપવાની રહેશે. આ અંગે જે-તે પોલીસ સ્ટેશનના ઓફિસરે રજીસ્ટર નિભાવવાનું રહેશે.

ક્રમ	**સ્પા/મસાજ પાર્લરનું નામ, માલિક/ સંચાલકનું નામ તથા સરનામું, મો.નંબર, આધારકાર્ડ નં., ડ્રાઈવિંગ લાઈસન્સ નં. ફોટો વિગેરે**	**સ્પા/મસાજ પાર્લરમાં અન્ય કોઈ પાર્ટનર જોડાયેલ હોય તો તેનું નામ તથા સરનામું, મો. નંબર, આધારકાર્ડ નં, ડ્રાઈવિંગ લાઈસન્સ નં. ફોટો વિગેરે**	**સ્પા/મસાજ પાર્લરોમાં કામ કરતા તમામ કર્મચારીની સંપૂર્ણ વિગત**		**સ્પા/મસાજ પાર્લરની જગ્યાની વિગત-(૧) જગ્યા પોતાના નામે હોય તો બિડાણમાં કાગળોની નકલ જોડવાની રહેશે. (૨) ભાડેથી હોય તો ભાડાકરારની નકલ જોડવાની રહેશે.**
			(૧) જો તેઓ ભારતીય હોય તો તેના ઓળખના પુરાવા જોડવા, નામ, હાલનું સરનામું, મુળ વતનનું સરનામું, મો.નંબર, આધારકાર્ડ નં, ડ્રાઈવિંગ લાઈસન્સ નં. કુટુંબના સભ્યોના વિગત, ફોટો વિગેરે	**(૨) જો તેઓ વિદેશી હોય તો-હાલનું સરનામું, મુળ સરનામું, મો. નંબર, પાસપોર્ટની વિગત(પાસપોર્ટ તથા વિઝાની નકલ), કયા વિઝા પર ભારતમાં આવેલા છે તેની વિગત, ફોટો વિગેરે.**	

૨	સ્પા/મસાજ પાર્લર ચલાવનારની સહી	કામ કરતા કર્મચારીની સહી	સાક્ષીનું નામ, મોબાઈલ નંબર, સહી, ફોટો

૩	**નિયમો :** (૧) આ વિગત સંપૂર્ણ રીતે ભરીને સ્પા/મસાજ પાર્લરો જે નામથી ચાલતા હોય તેના નામ સાથેની વિગત જે તે સંબંધિત પોલીસ સ્ટેશનમાં જમા કરાવવાની રહેશે. (૨) આ વિગત સંપૂર્ણ ભરાયા પછી તેની ત્રણ નકલ કાઢવાની રહેશે. ત્રણેય નકલમાંથી એક નકલ જે તે પોલીસ સ્ટેશનમાં તથા એક નકલ એસ.ઓ.જી. ઓફિસ ખાતે આપવાની રહેશે. તેમાંથી એક નકલ પોલીસ સ્ટેશનના સહિ સિક્કા સાથે પરત આપશે. જે સાચવી રાખવાની રહેશે. (૩) સ્પા/મસાજ પાર્લર ચલાવનારે તેમનું ડ્રાઈવીંગ લાયસન્સ, પાનકાર્ડ, આધાર કાર્ડ, ઈલેકશન કાર્ડ રજુ કરવાના રહેશે. (૪) સ્પા/મસાજ પાર્લરમાં આવતા જતા ગ્રાહકોના આઈ.ડી. પ્રુફ મેળવી તે અંગેની વિગત રજીસ્ટર ખાતે નિભાવવાની રહેશે.

અમલવારીનો વિસ્તાર :

આ હુકમ સમગ્ર અમરેલી જિલ્લા વિસ્તારમાં લાગુ પડશે.

અમલવારીનો સમયગાળો :

આ હુકમ તા. ૧૨-૦૯-૨૦૨૫ થી તા. ૧૦-૧૧-૨૦૨૫ (બન્ને દિવસો સહિત) સુધી સમગ્ર સમયગાળા માટે અમલી રહેશે.

શિક્ષા :

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ કલમ-૨૨૩ની જોગવાઈઓ હેઠળ કાનુની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તથા તે હેઠળ સજાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે ફરજ પરના કોઈપણ હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરના અમરેલી જિલ્લાના પોલીસ અધિકારીશ્રીઓને આ હુકમનો ભંગ કરનાર ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

તમામ નાગરીકોને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી/કરાવવી શકય ન હોઈ, આથી એકતરફી હુકમ ફરમાવવામાં આવે છે. જાહેર જનતાની જાણ સારૂ પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીએ નાયબ માહિતી નિયામકશ્રી, અમરેલીની કચેરી મારફત સ્થાનિક વર્તમાનપત્ર, ચેનલો મારફતે પ્રસિધ્ધ કરી તથા જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનના નોટીસ બોર્ડ પર જાહેરનામાની નકલ ચોટાડીને પ્રસિધ્ધિ કરવાની રહેશે તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર જાહેરનામાની નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવાની રહેશે. તેમજ એસ.ઓ.જી. શાખાએ તમામ વ્યકિતઓને જાણ થાય તે માટે બહોળી પ્રસિધ્ધી કરવા તથા સ્પા/મસાજ પાર્લરોના માલિકો તથા સંચાલકોને સમજ આપવાની રહેશે.

આજ તા. ૧૧ સપ્ટેમ્બર, ૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

અમરેલી, ૧૧ માહે સપ્ટેમ્બર, સને ૨૦૨૫.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું

વંચાણે લીધા :

(૧) પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીના પત્ર નં. એસ.ઓ.જી./જાહેરનામું/પ્રા.સિ.એ./રિન્યુ/૮૨૧/૨૦૨૫, તા. ૧૧-૦૮-૨૦૨૫.

જાહેરનામું

નં. નાચિ/પલસ/વશી/ઈ-૧૮૮૯૯/૨૦૨૫.

૧. વંચાણે લીધા-૧ના પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીના પત્રથી ભારત દેશમાં કેટલાક સ્થળે આતંકવાદ અને ત્રાસવાદના કૃત્યો તેમજ ખાનગી સિક્યુરિટીઓ દ્વારા લુંટ, ધાડ, ચોરી તથા બીજા ગંભીર શરીર સબંધિત ગુનાઓ કોગ્નીઝેબલ ગુનાઓ તેમજ રાષ્ટ્ર વિરુધ્ધના ગુનાઓ પણ આચરી નાસી જતા હોય છે, એવા બનાવો બનતા અટકાવવા નિયંત્રક જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત કરેલ છે.

૨. ત્રાસવાદીઓ દ્વારા શહેર તથા જિલ્લામાં આવેલ જી.આઈ.ડી.સી.માં, નાની મોટી કંપનીઓની સુરક્ષા એજન્સીમાં ભરતી થઈ પોતાનો ઈરાદો દેશને નુકશાન કરવાનો તેમજ મોટી જાનહાનિ કરવાનો અને કાયદો અને વ્યવસ્થા ભંગ કરવાનો હોય છે તે ઈરાદો ગમે તે વેશ ધારણ કરીને કરતા હોય છે. જિલ્લામાં આવેલ કેટલીક કેમીકલ કંપનીઓનો ગેસજો બોમ્બથી બ્લાસ્ટ કરવામાં આવે તો પુરા અમરેલી જિલ્લાની પ્રજા તંત્રના જાનમાલને નુકશાન કરે તેમ છે. જેથી જિલ્લામાં આવેલ જી.આઈ.ડી.સી.ની કંપનીઓ, મોટા ઉદ્યોગો, ટોલટેક્ષ, સોસાયટીઓ, રહેણાક વિસ્તારો, હોટલ, બેંક, એ.ટી.એમ., રિસોર્ટ, ફરવાના સ્થળો, ધાર્મિક સ્થળો, મેળાઓ, શોપીંગ-મોલ, સ્કુલો, કોલેજો, સરકારી તેમજ ખાનગી સંસ્થાઓ વિગેરે ઉપર સુરક્ષા કર્મચારીઓને રાખવામાં આવે છે જે સુરક્ષા કર્મચારીઓ પ્રાઈવેટ સિક્યુરીટી એજન્સીઓ તરફથી લાયસન્સ મેળવ્યા પછી ભરતી કરીને જે તે કંપની તેમજ હોટલો વિગેરે ઉપર સપ્લાય કરે છે. અને તે અંગેની જાણ જે તે પોલીસ સ્ટેશનમાં તેમજ એસ.ઓ.જી. અમરેલીમાં કરતા નથી. જે બાબત ધ્યાને લેતા સુરક્ષા વ્યવસ્થા માટે જાહેરનામું પ્રસિધ્ધ કરવું ઈષ્ટ જણાય છે.

૨. વાસ્તે હું **દિલિપસિંહ ગોહિલ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી જિલ્લો** ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩થી મળેલ સત્તાની રૂઈએ સમગ્ર અમરેલી જિલ્લાના વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ અને સુરક્ષાને લક્ષમાં રાખીને નીચે મુજબની કાર્યપધ્ધતિનો અમલ કરવા ફરમાવું છું.

૩.૧ હવે પછીથી કોઈ પણ પ્રાઈવેટ સિક્યુરિટી એજન્સીઓને પોતાને ત્યાં ભરતી કરેલ સિક્યુરિટી ગાર્ડ, સિક્યુરિટી ગનમેન અને સુપરવાઈઝરના બાયોડેટા તૈયાર કરી તેમજ તેઓનું વેરિફિકેશન ફોર્મ વિગતવારનુ ભરી તેની સાથે તેના વતનના પુરાવા તરીકે આધાર કાર્ડની ઝેરોક્ષ કોપી સામેલ રાખી તે પછી જ જે તે ગાર્ડ, ગનમેન અને સુપરવાઈઝરનુ વેરિફિકેશન કરાવ્યા પછી જ તેઓને કોઈપણ કંપની, મોટા ઉદ્યોગો, ટોલટેક્ષ, સોસાયટીઓ, રહેણાક વિસ્તારો, હોટલ, બેંક, એ.ટી.એમ., રિસોર્ટ, ફરવાના સ્થળો, ધાર્મિક સ્થળો, મેળાઓ, શોપીંગ-મોલ, સ્કુલો, કોલેજો, સરકારી તેમજ ખાનગી સંસ્થાઓ વિગેરે ઉપર સપ્લાય કરી શકશે અને જે તે કંપની, મોટા ઉદ્યોગો, ટોલટેક્ષ, સોસાયટીઓ, રહેણાક વિસ્તારો, હોટલ, બેંક, એ.ટી.એમ., રિસોર્ટ, ફરવાના સ્થળો, ધાર્મિક સ્થળ, મેળાઓ, શોપીંગ-મોલ, સ્કુલો, કોલેજો, સરકારી તેમજ ખાનગી સંસ્થાઓ વિગેરેએ પણ ગાર્ડ, ગનમેન અને સુપરવાઈઝરને પોતાને ત્યા નોકરી ઉપર રાખતા પહેલા તેઓનુ વેરીફીકેશન થયેલુ હોય તેને જ નોકરી ઉપર રાખવાના રહેશે. અને જો કોઈપણ સંસ્થા તરફથી વેરીફીકેશન થયા વગરના ગાર્ડ, ગનમેન અને સુપરવાઈઝરને પોતાને ત્યા નોકરી ઉપર રાખવામાં આવશે તો તેઓની સામે અને સપ્લાય કરનાર પ્રાઈવેટ સિક્યુરીટી એજન્સીના માલીક સામે કાયદેસર કાર્યવાહી કરવામાં આવશે. જેથી પ્રાઈવેટ સિક્યુરીટી એજન્સીના માલીકોએ તથા જે તે સંસ્થાના માલિક/મેનેજરોએ સુરક્ષાની દ્રષ્ટીએ આ બાબતે પોલીસને કર્યા વગર ગાર્ડ, ગનમેન અને સુપરવાઈઝરને નોકરી ઉપર રાખી શકશે નહી.

૩.૨ કંપની, મોટા ઉદ્યોગો, ટોલટેક્ષ, સોસાયટીઓ, રહેણાક વિસ્તારો, હોટલ, બેંક, એ.ટી.એમ., રિસોર્ટ, ફરવાના સ્થળો, ધાર્મિક સ્થળો, મેળાઓ, શોપીંગમોલ, સ્કુલો, કોલેજો, સરકારી તેમજ ખાનગી સંસ્થાઓ વિગેરેના માલિકો/મેનેજરોએ તથા પ્રાઈવેટ સિક્યુરીટી એજન્સીના માલિકોએ પોતાને ત્યા ફરજ પર રાખેલા ગાર્ડ, ગનમેન અને સુપરવાઈઝરની વિગતવારની માહિતી તેમજ ચારિત્ર્ય પ્રમાણપત્ર જ્યારે પણ કોઈ પણ પોલીસ અધિકારી ચેક કરવા આવે ત્યારે તેઓને તે બતાવવાનું રહેશે અને આ અંગે પ્રાઈવેટ સિક્યુરિટી એજન્સી લાયસન્સ અધિનિયમ મુજબ રાખવાના રજીસ્ટરો નિભાવવાના રહેશે.

૩.૩ પ્રાઈવેટ સિક્યુરિટી એજન્સીઓ દ્વારા જવાનોની ભરતી કરી અલગ-અલગ સ્થળો જેવા કે કંપનીઓ, મોટા ઉદ્યોગો, ટોલટેક્ષ, સોસાયટીઓ, રહેણાક વિસ્તારો, હોટલ, બેંક, એ.ટી.એમ., રિસોર્ટ, ફરવાના સ્થળો, ધાર્મિક સ્થળો, મેળાઓ, શોપીંગ-મોલ, સ્કુલો, કોલેજો, સરકારી તેમજ ખાનગી સંસ્થાઓ વગેરે સ્થળોએ સિક્યુરિટી-સલામતી સાચવવાના હેતુસર ઓન પેમેન્ટ સિક્યુરિટી જવાનો ફાળવવામાં આવે છે. અને આ જવાનો સિક્યુરિટી-સલામતીની ફરજો અદા કરતી વેળા તેનો ગેરલાભ લઈ લુંટ, ધાડ, ચોરી અને બીજા ગંભીર શરીર સબંધિત ગુનાઓ, કોગ્નીઝેબલ ગુનાઓ તેમજ રાષ્ટ્ર-વિરુધ્ધના ગુનાઓ પણ આચરી ભાગી જતા હોય છે. આથી આ પ્રવૃતિ ગુનાહિત કૃત્યો અટકાવવા અતિ આવશ્યક હોય, પ્રાઈવેટ સિક્યુરિટી એજન્સીએ જે સ્થળોએ સિક્યુરિટી જવાનની ફાળવણી કરે છે. તે તમામ જવાનોની સંપુર્ણ બાયોડેટા ફોટા સહિતની જે તે પોલીસ સ્ટેશન અને અમરેલી જિલ્લા સ્પેશ્યલ ઓપરેશન ગૃપ (S.O.G.) રાજ મહેલ કેમ્પસ, 'એ'-૧૦૪, બહુમાળી ભવન, જી.અમરેલી, કચેરીએ નીચે મુજબના ફોર્મમાં જાણ કરવી.

			સીક્યુરીટી મેનનો પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ
અ. નં.	વિગત		
૧.	સીક્યુરીટી અથવા પેઢી ફેકટરીનું નામ માલીકનું સરનામું તથા ટેલીફોન નંબર	:	
૨.	પરપ્રાંતીય સીક્યુરીટી ગાર્ડ/ હથીયારી/ બીન હથીયારીના નામ તથા વતનનું સંબંધકર્તા પો.સ્ટે.નું નામ, હાલનું સરનામું, ટેલીફોન નંબર, મોબાઈલ નંબર	:	
૩.	સીક્યુરીટી ગાર્ડ તથા હથીયારી ગાર્ડ જે સ્થળે ફરજ બજાવતો હોય તે સ્થળનું નામ તથા સરનામું, ટેલી. નંબર	:	
૪.	નોકરીએ રાખ્યાની તારીખ	:	
૫.	કોના રેફરન્સ પરિચયથી નોકરીએ રાખેલ છે તે સ્થાનિક રહીશનું પુરૂ નામ, સરનામું	:	
૬.	હથીયાર તથા ગનમેનના લાયસન્સની વિગત તથા હથીયાર/ગનની વિગત	:	
૭.	લાયસન્સ માન્ય એરીયા અથવા રીન્યુ તારીખ	:	

અમલવારીનો વિસ્તાર :

આ હુકમ સમગ્ર અમરેલી જિલ્લા વિસ્તારમાં લાગુ પડશે.

અમલવારીનો સમયગાળો :

આ હુકમ તા. ૧૨-૦૯-૨૦૨૫ થી તા. ૧૦-૧૧-૨૦૨૫ (બંન્ને દિવસો સહિત) સુધી સમગ્ર સમયગાળા માટે અમલી રહેશે.

શિક્ષા :

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સામે ભારતીયા ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ની જોગવાઈઓ હેઠળ કાનુની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તથા તે હેઠળ સજાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે ફરજ પરના કોઈપણ હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરના અમરેલી જિલ્લાના પોલીસ અધિકારીશ્રીઓને આ હુકમનો ભંગ કરનાર ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

તમામ નાગરીકોને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી/કરાવવી શકય ન હોઈ, આથી એકતરફી હુકમ ફરમાવવામાં આવે છે. જાહેર જનતાની જાણ સારૂ પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીએ નાયબ માહિતી નિયામકશ્રી, અમરેલીની કચેરી મારફત સ્થાનિક વર્તમાનપત્ર, ચેનલો મારફતે પ્રસિધ્ધ કરી તથા જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનના નોટીસ બોર્ડ પર જાહેરનામાની નકલ ચોટાડીને પ્રસિધ્ધી કરાવવાની રહે. તેમજ લોકોને સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર જાહેરનામાની નકલ ચોંટાડી પ્રસિધ્ધ કરવાની રહેશે. તેમજ એસ.ઓ.જી. શાખાએ તમામ પ્રાઈવેટ સિક્યુરિટી એજન્સીઓને જાણ તથા સમજ આપવાની રહેશે.

આજ તા. ૧૧, સપ્ટેમ્બર સને-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

અમરેલી, ૧૧ માહે સપ્ટેમ્બર, સને ૨૦૨૫.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું

વંચાણે લીધા :

(૧) પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીના પત્ર નં. એસ.ઓ.જી./જાહેરનામું/મોબાઈલ-સીમકાર્ડ/રીન્યુ/૮૨૩/૨૦૨૫, તા. ૨૭-૦૫-૨૦૨૫.

જાહેરનામું

નં. નાયિ/પલસ/વશી/ઈ-૧૮૮૩૩૨/૨૦૨૫.-

૧. વંચાણે લીધા-૧ના પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીના પત્રથી મોબાઈલ લે-વેચ તથા સીમકાર્ડ વેચવા બાબતે નિયંત્રક જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત કરેલ છે, જે દરખાસ્તની વિગતે રાજ્યમાં ગુપ્તચર સંસ્થાઓના વખતો-વખત પ્રસિધ્ધ થતા અહેવાલો, ઈનપુટો તથા ભુતકાળમાં વિવિધ જગ્યાઓએ બોમ્બ બ્લાસ્ટ દ્વારા જાનહાની, માલ-મિલકતોને નુકશાન પહોચાડી ભયનો માહોલ સર્જવાની ઘટનાઓ ઘટેલ છે. હાલમાં બજારમાં મોબાઈલ ફોનના સીમકાર્ડ માન્ય પુરાવાની તેમજ ખરીદનાર વ્યકિતની યોગ્ય ચકાસણી ના અભાવે તેમજ બોગસ દસ્તાવેજોના આધારે સીમકાર્ડ મેળવતા હોય છે. અને તે સીમકાર્ડ આધારે રાજ્ય તેમજ જીલ્લામાં બનાવટી કોલ દ્વારા ધમકી આપવાના,

સાયબર ક્રાઈમને લગતા ગુના, ખંડણી માગવાના, અપશબ્દો બોલવાના, મહીલાઓની જાતિય સતામણી કરવાના તેમજ ખોટી માહીતી આપવાના કિસ્સાઓ તથા ઘરફોડ ચોરીઓ, લુટ-ધાડ, ચીલ-ઝડપ, વિગેરે ગુનાઓને અંજામ આપતા હોય, તે બાદમાં ગુન્હામાં વપારાયેલ મોબાઈલ અન્યને વેચી દેતા હોય, જે ભૂતકાળમાં બનેલ બનાવો પરથી જણાઈ આવેલ છે. તે માટે મોબાઈલ ફોન તથા સીમકાર્ડની લે-વેચ કરતા દુકાનદારો ઉપર નિયંત્રણ મુકવું જરૂરી છે. ઘણી વખત તપાસ એજન્સીઓ મારફતે વપરાશકર્તા સુધી પહોચવામાં આવે ત્યારે જાણવા મળે છે કે, તેમણે કોઈ અજાણ્યા માણસ પાસેથી મોબાઈલ ફોન ખરીદેલ જે મોબાઈલ ફોન ખરીદનાર/વેચનારને ચોરાયેલ અથવા ગુનામાં વપરાયેલ હોવાની માહીતી હોતી નથી. અને ગુનાના મુળ સુધી તપાસ એજન્સી પહોચે ત્યારે જાણવા મળે છે કે, એમને કોઈ અજાણી વ્યકિતએ આપેલ છે. જેના કારણે ચોકકસ આરોપી પકડી શકાતો નથી. જે બાબતોને ધ્યાને રાખી જિલ્લાના મોબઈલ/સીમકાર્ડ ડીસ્ટ્રીબ્યુટર/રીટેઈલર વિક્રેતાઓ દ્વારા મોબાઈલ સીમકાર્ડ તેમજ જુના-નવા મોબાઈલ ફોન વેચાણ કરતી વખતે સીમકાર્ડ તથા મોબાઈલ ફોન ખીરદનાર વ્યકિતનું માન્ય ઓળખપત્ર, રહેઠાણનો પુરાવો વિગેરે દસ્તાવેજો ચકાસવા તેમજ સીમકાર્ડ તેમજ મોબાઈલ વેચાણ સંદર્ભમાં ખરીદ કરનારના નામ સરનામાની માહીતીનું રજીસ્ટર નિભાવવા અંગે જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરેલ છે. જેથી જાહેર સુરક્ષા માટે મોબાઈલ ફોન લે-વેચ કે રીપેરીંગ કરતી પેઢીઓએ તે અંગેનું નિયત રજીસ્ટર નિભાવી રેકર્ડ રાખવામાં આવે તેવી આવશ્યકતા જણાતી હોય તે અંગે નિયંત્રક જાહેરનામું બહાર પાડવું ઈષ્ટ જણાય છે.

૨. વાસ્તે હું **દિલિપસિંહ ગોહિલ,** (GAS), **અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી જિલ્લો,** ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ થી મળેલ સત્તાની રૂઈએ સમગ્ર અમરેલી જિલ્લાના વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ અને સુરક્ષાને લક્ષમાં રાખીને નીચેની વિગતે હુકમ ફરમાવું છું.

૨.૧ જિલ્લાના મોબાઈલ/સીમકાર્ડ ડીસ્ટ્રીબ્યુટર/રીટેઈલર વિક્રેતાઓ દ્વારા મોબાઈલ સીમકાર્ડ તેમજ જુના-નવા મોબાઈલ ફોન વેચાણ કરતી વખતે સીમકાર્ડ તથા મોબાઈલ ફોન ખરીદનાર વ્યકિતનું માન્ય ઓળખપત્ર, રહેઠાણનો પુરાવો વિગેરે દસ્તાવેજો ચકાસવા તેમજ સીમકાર્ડ તેમજ મોબાઈલ વેચાણ સંદર્ભમાં ખરીદ કરનારના નામ સરનામાની માહીતીના નીચે મુજબના નમૂનાનાં રજીસ્ટર નિભાવવાના રહેશે.

મોબાઈલ ખરીદતી વખતે વેપારીએ નિભાવવાનું રજીસ્ટર

અ. નં.	મોબાઈલની વિગત/કંપની	IMEI નંબર	મોબાઈલ વેંચનાર/ખરીદનારના નામ, સરનામાની વિગત	આઈ.ડી. પુરૂની વિગત
(૧)	(૨)	(૩)	(૪)	(૫)

નવા/જુના મોબાઈલ વેચતી વખતે વેપારીએ નિભાવવાનું રજીસ્ટર

અ. નં.	મોબાઈલની વિગત/કંપનીનું નામ	IMEI નંબર	મોબાઈલ વેંચનાર/ખરીદનારના નામ, સરનામાની વિગત	આઈ.ડી. પુરૂની વિગત
(૧)	(૨)	(૩)	(૪)	(૫)

નવું સીમકાર્ડ વેચતી વખતે વેપારીએ નિભાવવાનું રજીસ્ટર

અ. નં.	સીમકાર્ડની વિગત/કંપનીનું નામ	સીમ કાર્ડ નંબર	સીમકાર્ડ ખરીદનારના નામ, સરનામાની વિગત	સીમકાર્ડ ખરીદનારના આઈ.ડી. પુરૂની વિગત	સીમકાર્ડ ખરીદનારની સહી
(૧)	(૨)	(૩)	(૪)	(૫)	(૬)

અમલવારીનો વિસ્તાર :

આ હુકમ સમગ્ર અમરેલી જિલ્લા વિસ્તારમાં લાગુ પડશે.

અમલવારીનો સમયગાળો :

આ હુકમ તા. ૧૨-૦૯-૨૦૨૫ થી તા. ૧૦-૧૧-૨૦૨૫ (બન્ને દિવસો સહિત) સુધી સમગ્ર સમયગાળા માટે અમલી રહેશે.

શિક્ષા :

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ની જોગવાઈઓ હેઠળ કાનુની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તથા તે હેઠળ સજાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે ફરજ પરના કોઈપણ હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરના અમરેલી જિલ્લાના પોલીસ અધિકારીશ્રીઓને આ હુકમનો ભંગ કરનાર ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

તમામ નાગરીકોને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી/કરાવવી શકય ન હોઈ, આથી એકતરફી હુકમ ફરમાવવામાં આવે છે. જાહેર જનતાની જાણ સારૂ પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીએ નાયબ માહિતી નિયામકશ્રી, અમરેલીની કચેરી મારફત સ્થાનિક વર્તમાનપત્ર, ચેનલો મારફતે પ્રસિધ્ધ કરી તથા જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનના નોટીસ બોર્ડ પર જાહેરનામાની નકલ ચોટાડીને પ્રસિધ્ધી કરાવવાની રહે. તેમજ લોકોને સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર જાહેરનામાની નકલ ચોંટાડી પ્રસિધ્ધ કરવાની રહેશે. તેમજ એસ.ઓ.જી. શાખાએ તમામ મોબાઈલ તથા સીમકાર્ડ લે-વેચ કરતા વ્યકિતઓને જાણ તથા સમજ આપવાની રહેશે.

આજ તા. ૧૧, સપ્ટેમ્બર, ૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

અમરેલી, ૧૧ માહે સપ્ટેમ્બર, સને ૨૦૨૫.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું જાહેરનામું

વંચાણે લીધા :

(૧) સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, અમરેલીનાં પત્ર ક્રમાંક નં. એમએજી/વશી/૩૧૯૯/૨૦૨૪, તા. ૧૨-૧૧-૨૦૨૪

(૨) અત્રેના જાહેરનામાં ક્રમાંક નં. નાચી/પલસ/વશી/૬૪૩/૨૦૨૫, તા. ૧૮-૦૭-૨૦૨૫

હુકમ

નં. નાચિ/પલસ/વશી/૮૦૭/૨૦૨૫.-

૧. વંચાણે લીધા ક્રમ-૧ના સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, અમરેલીના તા. ૧૨-૧૧-૨૦૨૪ના પત્રથી જિલ્લા સેવા સદન, અમરેલી ખાતે અમરેલી જિલ્લાના વિવિધ તાલુકામાંથી મોટી સંખ્યામાં અરજદારશ્રીઓ/જુદી-જુદી સંસ્થાઓ જિલ્લા સેવા સદન ખાતે પોતાની વિવિધ માંગણીઓ તથા રજુઆતો સબબ અવર-જવર કરતા હોય છે. તાજેતરમાં જિલ્લાની વિવિધ કચેરીઓ પાસેથી પોતાની માંગણી અન્વયે અસંતોષ થતા અરજદારશ્રીઓ/જુદી-જુદી સંસ્થાઓ દ્વારા કલેકટર કચેરી/જિલ્લા સેવા સદનના પટાંગણમાં કે તેની આજુ-બાજુ ઉપવાસ, રેલી ધરણા કે આત્મવિલોપન કરવા માટે આવતા હોય છે. જેના કારણે તંગદિલી ભર્યુ વાતાવરણ સર્જાય અને આવા કિસ્સામાં અરજદારોની મોટી સંખ્યા ધ્યાને લેતા કાયદો અને વ્યવસ્થાના પ્રશ્નો ઉપસ્થિત થતા હોય છે. જિલ્લા સેવા સદનમાં અરજદાર વ્યકિતગત રીતે કે મોટી સંખ્યામાં ભેગા થવાની સંભાવના હોય, સરકારી માલ મિલ્કત કે વ્યકિતગત જાન માલને નુકશાન થવાના બનાવ બનવાની સંભાવના રહેલ હોઈ, સુલેહશાંતિ જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે હેતુથી જિલ્લા સેવા સદન, અમરેલીના પરિસરની આજુ-બાજુની ૫૦૦ મીટરની ત્રિજયાના વિસ્તારમાં પ્રતિબંધાત્મક જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત રજુ કરેલ હતી. જે ધ્યાને લઈ વંચાણે લીધા-૨ ના જાહેરનામાથી તા. ૧૬-૦૯-૨૦૨૫ સુધી જિલ્લા સેવા સદન, અમરેલીના પરિસરની આજુબાજુ ૫૦ મીટરની ત્રિજયાના વિસ્તારમાં પ્રતિબંધાત્મક જાહેરનામું જારી કરવામાં આવેલ હતું.

ઉકત વિગતે જિલ્લા કલેકટર કચેરી, અમરેલી ખાતે જિલલની જુદી-જુદી સંસ્થાઓ/અરજદારશ્રીઓ-ગ્રામજનો તરફથી તેમની માંગણીના સંદર્ભે ઉપવાસ, રેલી, આત્મવિલોપન, ધરણા કરવા અત્રેની કચેરીમાં આવતાં હોય અને સુત્રોચ્ચાર કરતા હોય, જેના કારણે તંગદીલીભર્યુ વાતાવરણ સર્જાવાની અને જાહેર સુલેહ શાંતિનો ભંગ થવાની શકયતાઓ રહેલ છે, તેમજ કલેકટર કચેરીની રોજબરોજની કામગીરીને તથા કચેરીમાં આવતા અન્ય અરજદારો/જાહેર જનતાને તેમના કાયદેસરના કામો કરવામાં અડચણ અને ત્રાસ થવાની શકયતાઓ રહેલ હોય, તેમજ કચેરી સ્ટાફને પણ નુકસાન થવાની શકયતાઓ રહેલી હોય, તેમજ કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે તકેદારીના પગલા લેવા જરૂરી જણાય છે. જે માટે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ મુજબ હુકમ કરવા માટે પુરતા કારણો જણાય છે.

૨. આથી, હું **દિલિપસિંહ ગોહિલ,** (GAS), **અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી જિલ્લો,** ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ થી મળેલ સત્તાની રૂઈએ આથી હુકમ ફરમાવું છું કે, કલેકટર કચેરી, અમરેલીના કેમ્પસ તથા તેની આજુ-બાજુના ૫૦ મીટર ત્રિજયામાં આવેલ વિસ્તારને પ્રતિબંધિત વિસ્તાર તરીકે જાહેર કરૂ છું. તથા આ પ્રતિબંધિત વિસ્તારમાં નીચે મુજબના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ મૂકવા હુકમ કરૂ છું.

૧. કોઈએ ઉપવાસ પર બેસવું નહિ કે ધરણા કાર્યક્રમ કે સભાઓનું આયોજન કરવું નહિ.

૨. જાહેર સુલેહ શાંતિ જોખમાય તેવા સુત્રો પોકારવા નહિ.

૩. જાહેર સુલેહ શાંતિ જોખમાય તેવી અફવાઓ ફેલાવવી નહિ.

૪. કોઈપણ વ્યકિતએ લાઠી કે ઈજા થાય તેવા હથિયાર સાથે રાખીને પ્રવેશ કરવો નહિ.

૫. કોઈ વિસ્ફોટક પદાર્થ અથવા આગ લાગે તેવા પદાર્થ અથવા માનવ શરીરને નુકશાન થાય તેવા ઝેરી પદાર્થ સાથે રાખવા નહિ.

અમલવારીનો વિસ્તાર :

આ હુકમ કલેકટર કચેરી, અમરેલીના કેમ્પસ તથા તેની આજુ-બાજુના ૫૦ મીટર ત્રિજયામાં આવેલ વિસ્તારને લાગુ પડશે.

અમલવારીનો સમયગાળો :

આ હુકમ તા. ૧૭-૦૯-૨૦૨૫ થી તા. ૦૫-૧૧-૨૦૨૫ (બન્ને દિવસો સહિત) સુધી સમગ્ર સમયગાળા માટે અમલી રહેશે.

અપવાદ :

સદરહું આદેશ કાયદો અને વ્યવસ્થાનો ચાર્જ સંભાળતા કર્મચારી/અધિકારીશ્રીઓ તથા સુરક્ષા અધિકારીશ્રીઓને લાગુ પડશે નહી.

શિક્ષા :

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ની જોગવાઈઓ હેઠળ કાનુની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તથા તે હેઠળ સજાને પાત્ર થશે.

આ હુકમનો ભંગ કરનાર ઈસમો સામે ફરીયાદ માંડવા માટે સંબંધિત પોલીસ સ્ટેશનના થાણા અધિકારી કે તેનાથી ઉપરના અધિકારીને અધિકૃત કરવામાં આવે છે.

તમામ નાગરીકોને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી/કરાવવી શકય ન હોઈ, આથી એકતરફી હુકમ ફરમાવવામાં આવે છે. જાહેર જનતાની જાણ સારૂ સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, અમરેલીએ નિર્દિષ્ટ કરેલા વિસ્તારમાં લોકોને સહેલાઈથી દેખી શકાય તેવી રીતે નકલ ચોંટાડી તેમજ નાયબ માહિતી નિયામકશ્રી, અમરેલીની કચેરી મારફત સ્થાનિક વર્તમાનપત્રો, ચેનલો મારફતે પ્રસિધ્ધિ કરાવવાની રહેશે.

આજ તા. ૧૫, સપ્ટેમ્બર, ૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ જાહેરનામું બહાર પાડેલ છે.

અમરેલી, ૧૫ માહે સપ્ટેમ્બર, સને ૨૦૨૫.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું

વંચાણે લીધા :

૧. પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીના પત્ર નં. એસ.ઓ.જી./જાહેરનામું/CCTV-કેમેરા/રિન્યુ/૮૨૪/૨૦૨૫, તા. ૧૧-૦૮-૨૦૨૫.

જાહેરનામું

૧. નં. નાચિ/પલસ/વશી/ઈ-૧૮૮૧૦૫/૨૦૨૫.-વંચાણે લીધા-૧ના પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીના પત્રથી જાહેર સ્થળો પર સી.સી.ટી.વી. કેમેરા ગોઠવવા બાબતે નિયંત્રક જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરેલ છે. જે દરખાસ્તની વિગતો જોતાં રાજયમાં ગુપ્તચર સંસ્થાઓના વખતો-વખત પ્રસિધ્ધ થતા અહેવાલો તથા ભુતકાળમાં વિવિધ જગ્યાઓએ બોમ્બ બ્લાસ્ટ દ્વારા જાનહાની, માલ-મિલ્કતોને નુકશાન પહોંચાડી ભયનો માહોલ સર્જવાની ઘટનાઓ બનેલ છે. અને આ પ્રકારની અસામાજીક પ્રવૃત્તિઓ આચરતા તત્વો મોટે ભાગે રાજય બહારના વિસ્તારમાંથી પ્રવેશી ખાનગી વાહનોના ઉપયોગ દ્વારા હોટલ/ગેસ્ટ હાઉસ, મોટા રેસ્ટોરન્ટ, બેકીંગ સંસ્થાઓ, એ.ટી.એમ. સેન્ટરો, મલ્ટી પ્લેકસ થીયેટર, લોજીંગ, બોર્ડીંગ, ધર્મશાળાઓ, આંગડીયા પેઢીઓ, ઔદ્યોગીક એકમો, પેટ્રોલ પંપો, ટોલ પ્લાઝા, ધાર્મિક સ્થળો, સોના-ચાંદીની દુકાનો, કોમર્શીયલ સેન્ટરો સહીતના જાહેર સ્થળોએ રોકાણ કરી/હીલચાલ કરી ભૌગોલીક પરિસ્થિતિથી વાકેફ થઈ આ પ્રકારની પ્રવૃત્તિ આચરતા હોય છે. જેના કારણે જાહેર સલામતી સુરક્ષા તેમજ શાંતિનું વાતાવરણ જોખમાવાના કારણે આમ નાગરિકો તેમજ પ્રજામાં અસુરક્ષાનો માહોલ ફેલાય છે. અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ કથળતી હોય છે. આ પ્રકારના તત્વોને નિયંત્રણમાં લેવા સારૂ તેઓ ઉપર સઘન દેખરેખ રાખી શકાય તેમજ આ પ્રકારની પ્રવૃત્તિઓના બનાવો બનતા અટકાવી શકાય. તે હેતુસર ઉપરોકત તમામ જગ્યાઓએ સી.સી.ટી.વી. કેમેરા(નાઈટ વીઝન તથા હાઈડેફીનેશન) વીથ રેકોર્ડીંગ સીસ્ટમ રાખવામાં આવે તો આતંકવાદી તત્વો દ્વારા આચરવામાં આવતી બોમ્બ બ્લાસ્ટની પ્રવૃત્તિને અંજામ આપતા પહેલાં જ અંકુશમાં લઈ શકાય અને ગુનાખોરી પ્રવૃત્તિને અંજામ આપતા પહેલા જ અંકુશમાં લઈ શકાય અને ગુનાખોરી પ્રવૃત્તિઓ જેવી કે, ચોરી, ધાડ, લુંટ, ચીલ-ઝડપ જેવા મિલકત સંબંધી ગુન્હાઓ બનતા અટકાવી શકાય અને ગુન્હા બન્યા પછી તેનો ભેદ ઉકેલવામાં તપાસ એજન્સીઓને મદદ મળી રહે. જેથી જાહેરસ્થળો, લોકોની ભીડભાડ વાળા સ્થળો તથા ઔદ્યોગિક/વ્યાપારી એકમોમાં સલામતિ અર્થે સી.સી.ટી.વી. કેમેરા ગોઠવી વીડીયો રેકોર્ડીંગ મારફત સુરક્ષા વ્યવસ્થા મજબૂત કરવાની જરૂર જણાતી હોય તે અંગે નિયંત્રક જાહેરનામું બહાર પાડવું ઈષ્ટ જણાય છે.

૨. વાસ્તે હું **દિલિપસિંહ ગોહિલ, (GAS), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી જિલ્લો,** ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મળેલ સત્તાની રૂઈએ સમગ્ર અમરેલી જિલ્લાના વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ અને સુરક્ષાને લક્ષમાં રાખીને નીચેની વિગતે હુકમ ફરમાવું છું.

૨.૧ જીલ્લામાં આવેલ તમામ હોટલ/ગેસ્ટ હાઉસ, મોટા રેસ્ટોરન્ટ, બેકીંગ સંસ્થાઓ, એ.ટી.એમ. સેન્ટરો, મલ્ટી પ્લકસ થીયેટર, લોજીંગ, બોર્ડીંગ, ધર્મશાળાઓ, આંગડીયા પેઢીઓ, ઔદ્યોગીક એકમો, ધાર્મિક સ્થળો, સોના-ચાંદીની દુકાનો, કોર્મશીયલ સેન્ટરો, પેટ્રોલ પંપો તથા હોટલો ઉપર તથા હાઈવે ઉપર આવેલા તમામ ટોલ પ્લાઝાઓ ઉપર વાહનનો રજીસ્ટ્રેશન નંબર સ્પષ્ટ રીતે દેખાય તે રીતે તેમજ વાહન ચાલક તથા તેની બાજુમાં બેઠેલી વ્યક્તિનું વીડીયો રેકોર્ડીંગ થઈ શકે તે રીતે સી.સી.ટી.વી. કેમેરા ગોઠવવા તેમજ બેંકિંગ સંસ્થાઓ, આંગડીયા પેઢીઓ, સોના-ચાંદીની દુકાનો અને કોમર્શિયલ સેન્ટરોમાં આવતા-જતા તમામ વ્યક્તિઓ સ્પષ્ટ રીતે ઓળખી શકાય તે રીતે સી.સી.ટી.વી. કેમેરા, નાઈટ વીઝન કેમેરા હાઈ ડેફીનેશન સાથે ગોઠાવવાના રહેશે.

૨.૨ સી.સી.ટી.વી. કેમેરા (નાઈટવીઝન તથા હાઈડેફીનેશન) વીથ રેકોર્ડીંગ સીસ્ટમની વ્યવસ્થા કરવાની રહેશે.

૨.૩ સી.સી.ટી.વી. કેમેરાનો ડેટા ઓછામાં ઓછો ૩૦ દિવસ સુધી સંગ્રહ કરવાની જવાબદારી જે તે જગ્યાના સંચાલકશ્રીની રહેશે.

૨.૪ ઉપરોકત જણાવેલ સ્થળોની બહારના ભાગે પી.ટી.ઝેડ. કેમેરા ગોઠવવા.

૨.૫ ઉપરોકત જણાવેલ સ્થળોના પાર્કિંગની જગ્યાઓમાં સંપૂર્ણ જગ્યાનું કવરેજ થાય તે રીતે કેમેરા ગોઠવવા.

૨.૬ રીસેપ્શન સેન્ટર, લોબી, બેઝમેન્ટ તથા જાહેર પ્રજા માટે પ્રવેશ હોય, ત્યાં તમામ જગ્યાઓનું સંપૂર્ણ કવરેજ થાય એ રીતે કેમેરાઓ ગોઠવવા.

અમલવારીનો વિસ્તાર :

આ હુકમ સમગ્ર અમરેલી જિલ્લા વિસ્તારમાં લાગુ પડશે.

અમલવારીનો સમયગાળો :

આ હુકમ તા. ૧૨-૦૯-૨૦૨૫ થી તા. ૧૦-૧૧-૨૦૨૫ (બન્ને દિવસો સહિત) સુધી સમગ્ર સમયગાળા માટે અમલી રહેશે.

શિક્ષા :

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ કલમ-૨૨૩ ની જોગવાઈઓ હેઠળ કાનુની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તથા તે હેઠળ સજાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે ફરજ પરના કોઈપણ હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરના અમરેલી જિલ્લાના પોલીસ અધિકારીશ્રીઓને આ હુકમનો ભંગ કરનાર ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

તમામ નાગરીકોને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી/કરાવવી શકય ન હોઈ, આથી એકતરફી હુકમ ફરમાવવામાં આવે છે. જાહેર જનતાની જાણ સારૂ પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીએ નાયબ માહિતી નિયામકશ્રી, અમરેલીની કચેરી મારફત સ્થાનિક વર્તમાનપત્ર, ચેનલો મારફતે પ્રસિધ્ધ કરી તથા જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનના નોટીસ બોર્ડ પર જાહેરનામાની નકલ ચોટાડીને પ્રસિધ્ધિ કરાવાની રહેશે. તેમજ લોકોને સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર જાહેરનામાની નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવાની રહેશે. તેમજ એસ.ઓ.જી. શાખાએ ઉક્ત તમામ સ્થળોએ જવાબદાર વ્યક્તિઓને જાણ તથા સમજ આપવાની રહેશે.

આજ તા. ૧૧, સપ્ટેમ્બર, ૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

અમરેલી, ૧૧ માહે સપ્ટેમ્બર, સને ૨૦૨૫.

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળનું

વંચાણે લીધા :

(૧) પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીના પત્ર નં. એસ.ઓ.જી./જાહેરનામું/મ.એ.ભાડે નો./૮૨૬/૨૦૨૫, તા. ૧૧-૦૮-૨૦૨૫.

જાહેરનામું

નં. નાચિ/પલસ/વશી/ઈ-૧૮૫૩૦૦/૨૦૨૫.-૧. વંચાણે લીધા-૧ ના પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીના પત્રથી તાજેતરમાં ગુપ્તચર ખાતના અહેવાલ તથા દેશના અલગ-અલગ રાજ્યોમાં તથા ગુજરાતમાં ભુતકાળમાં બનેલા અને રાષ્ટ્રવિરોધી બનાવો જેવા કે ત્રાસવાદ, બોમ્બ બ્લાસ્ટ જેવા બનાવો બનેલ છે. જે બનાવોને અંજામ આપતા આરોપીઓ મોટેભાગે રાજ્ય બહારના અને જિલ્લા બહારના હોય છે. જે શરૂઆતમાં આમ નાગરિક બની કડીયાકામ, ઈંટોના ભઠ્ઠા, હોટલ, ધાબા, રેસ્ટોરન્ટ, ફેકટરી, કારખાના, ખાણીપીણીની દુકાનો, લારીઓ ઉપર તથા કલર કામ કરતા કારીગરો તથા ઔદ્યોગિક એકમમાં કામ કરવા આવતા કારીગરો, મજુરો તથા ખેત-મજુરો સ્થાનિક ભૌગોલિક પરિસ્થિતિથી વાકેફ થઈ ત્રાસવાદી, ભાંગફોડીયા પ્રવૃતિ, ચોરી, લુંટ, ધાડ, હત્યા જેવા ગંભીર પ્રકારના ગુનાઓને અંજામ આપી નાસી જતા હોય છે. તપાસ કરતાં ગુનો કરનાર તથા તેને કામદાર તરીકે લાવનાર એજન્ટનું પુરેપુરુ નામ, સરનામું, વતનનું સરનામું તેમજ અગાઉનો પૂર્વ ઈતિહાસ વિગેરે માહિતી કામદાર તરીકે રાખનાર માલીક પાસે ઉપલબ્ધ હોતી નથી. જેના કારણે આવા કૃત્યો કરનાર ઈસમો ઝડપથી પકડી શકાતા નથી. આવા અસામાજિક તત્વો તથા શંકાસ્પદ વ્યકિતઓથી તંત્ર નિયમિત માહિતગાર થાય તેવા શુભ આશયથી તથા જો તેમ ન કરે તો તેના ઉપર જરૂરી નિયંત્રણો મુકવા જરૂરી જણાતા આ સાથે સામેલ રાખેલ નિયત ફોર્મમાં જણાવ્યા અનુસાર જિલ્લા/રાજ્ય બહારના મજુરોને કામદાર તરીકે રાખતા જે તે એકમના માલીક, એજન્ટ, દલાલ, લેબર કોન્ટ્રાકટર વિગેરેએ માહિતીથી પોલીસને વાકેફ કરી શકે તે માટે તેવા તત્વોની વિગતવાર માહીતી પોલીસ સ્ટેશનમાં રાખવી જરૂરી જણાય છે. જેથી આ સાથે સામેલ રાખેલ નિયમ ફોર્મ મુજબ માહિતી પુરી પાડવા જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત કરેલ છે.

સબબ, ઉક્ત વિગતેની રજુ થયેલ દરખાસ્તની વિગતો ચકાસતા જિલ્લામાં બનતા ગુનાઓ અટકાવવા અને ગુન્હાશોધન પ્રક્રિયા માટે જરૂરી વિગતો ઉપલબ્ધ બને તે ઉપરાંત બહારથી આવતા શ્રમિકો સાથે કોઈ અઘટીત બનાવ બને તેવા સંજોગોમાં તેઓને જરૂરી પ્રશાસનિક મદદ મળી રહે તે હેતુથી શ્રમિકોનું નામ, સરનામાં સહિતની જરૂરી વિગતો રખાય તે સુનિશ્ચિત કરવું ખુબ જ જરૂરી જણાય છે. જેથી રજુ થયેલ દરખાસ્તની વિગતેનું જાહેરનામું પ્રસિદ્ધ કરવું જરૂરી જણાય છે.

૨. વાસ્તે હું **દિલિપસિંહ ગોહિલ (GAS), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી જિલ્લો,** ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મળેલ સત્તાની રૂઈએ સમગ્ર અમરેલી જિલ્લાના વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ અને સુરક્ષાને લક્ષમાં રાખીને નીચેની વિગતે હુકમ ફરમાવું છું.

૨.૧ અમરેલી જિલ્લામાં રાજ્ય/જિલ્લા બહારના કડીયાકામ, ઈંટોના ભઠ્ઠા, હોટલ, ધાબા, રેસ્ટોરન્ટ, ફેકટરી, કારખાના, ખાણીપીણીની દુકાનો, લારીઓ ઉપર તથા કલર કામ કરતા કારીગરો તથા ઔદ્યોગિક એકમમાં કામ કરવા આવતા કારીગરો, મજુરો તથા ખેત-મજુરોને કામદાર તરીકે રાખનાર જે તે એકમના માલિક, એજન્ટ, દલાલ, લેબર કોન્ટ્રાકટર વિગેરેએ તેવા વ્યકિતઓ માટે નીચેની વિગતેનું નિયત ફોર્મ સબંધીત પોલીસ સ્ટેશન ખાતે જમા કરાવી નોંધણી કરાવવાની રહેશે.

ક્રમ	**કામદાર તરીકે રાખનાર વ્યકિતનું નામ, હાલનું સરનામું, મુળ સરનામું, આઈ. ડી. પ્રુફ, મોબાઈલ નંબર, ફોટો**	**કામદાર તરીકે રહેનાર વ્યકિતનું નામ, હાલનું સરનામું, મુળ સરનામું, આઈ.ડી. પ્રુફ, મોબાઈલ નંબર, ફોટો**	**કામદાર તરીકે રહેનાર વ્યકિતના પરિચિતોના નામ, સરનામું મોબાઈલ નંબર, ફોટો**		**કામદાર તરીકે લાવનાર એજન્ટ, દલાલ, મકાદમનુ નામ, હાલનું સરનામું, મુળ સરનામું, આઈ.ડી. પ્રુફ, મોબાઈલ નંબર, પોલીસ સ્ટેશન, ફોટો**
			પરિચિત ૧	**પરિચિત ૨**	
૧					

નોંધ : ઉપરોક્ત નિયત નુમના મુજબના ફોર્મમાં જણાવેલ વિગતે જે તે કામદારને રાખનાર માલીકે કામદારને રાખ્યા પછી ૨૪ કલાકમાં સચોટ માહિતીની ખાત્રી કરી સબંધિત પોલીસ સ્ટેશનમાં લેખીતમાં આપવાની રહેશે.

અમલવારીનો વિસ્તાર :

આ હુકમ સમગ્ર અમરેલી જિલ્લા વિસ્તારમાં લાગુ પડશે.

અમલવારીનો સમયગાળો :

આ હુકમ તા. ૧૨-૦૯-૨૦૨૫ થી તા. ૧૦-૧૧-૨૦૨૫ (બન્ને દિવસો સહિત) સુધી સમગ્ર સમયગાળા માટે અમલી રહેશે.

શિક્ષા :

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ કલમ-૨૨૩ની જોગવાઈઓ હેઠળ કાનુની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તથા તે હેઠળ સજાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે ફરજ પરના કોઈપણ હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરના અમરેલી જિલ્લાના પોલીસ અધિકારીશ્રીઓને આ હુકમનો ભંગ કરનાર ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

જાહેર જનતાની જાણ સારૂ પોલીસ અધિક્ષકશ્રી, અમરેલી તથા નાયબ માહિતી નિયામકશ્રી, અમરેલીની કચેરી મારફત સ્થાનિક વર્તમાનપત્ર, ચેનલો મારફતે પ્રસિધ્ધ કરી તથા જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનના નોટીસ બોર્ડ પર જાહેરનામાની નકલ ચોટાડીને પ્રસિધ્ધ કરાવવામાં આવશે તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર જાહેરનામાની નકલ ચોંટાડી પ્રસિધ્ધ કરવાની રહેશે. તેમજ એસ.ઓ.જી. શાખાએ તમામ વ્યકિતઓને જાણ થાય તે માટે બહોળી પ્રસિધ્ધી કરવી તથા સમજ આપવાની રહેશે.

આજ તા. ૧૧ સપ્ટેમ્બર, ૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

અમરેલી, ૧૧ માહે સપ્ટેમ્બર, સને ૨૦૨૫.

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળનું

વંચાણે લીધા :

(૧) પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીના પત્ર નં. એસ.ઓ.જી./જાહેરનામું/વા.ખ.વે./રિન્યુ/૮૨૨/૨૦૨૫, તા. ૧૧-૦૮-૨૦૨૫.

જાહેરનામું

૧. નં. નાચિ/પલસ/વશી/ઈ-૧૮૮૮૦૧/૨૦૨૫.-વંચાણે લીધા-૧ના પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીના પત્રથી સ્કુટર, તેમજ જુની સાયકલો, થ્રી વ્હીલ, ફોર-વ્હીલ વાહનો ખરીદ-વેચાણ કરવા તેમજ રીપેરીંગ કર્યા અંગે નોંધણી રજીસ્ટર નિભાવવા તથા વાહનોના કાગળોની ઝેરોક્ષ રાખવા અંગેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત રજુ થયેલ છે. રાજ્યમાં ગુપ્તચર સંસ્થાઓના વખતો-વખત પ્રસિધ્ધ થતા અહેવાલો તથા ભુતકાળમાં આતંકવાદી તત્વો દ્વારા વિવિધ જગ્યાઓએ બોમ્બ બ્લાસ્ટ દ્વારા જાનહાની, માલ-મિલ્કતોને નુકશાન પહોંચાડી ભયનો માહોલ સર્જવાની ઘટનાઓ ઘટેલ છે અને આ ઘટનાઓમાં મોટે ભાગે બોમ્બ બ્લાસ્ટ માટે જુની સાયકલો તેમજ જુના સ્કુટર અને જુની કારો તથા અન્ય જુના વાહનો તથા તેના સ્પેર પાર્ટસનો ઉપયોગ આ તત્વો દ્વારા કરાતો હોય છે. જે વાહનો ગેરેજવાળા પાસેથી મેળવવામાં આવતા હોય છે. તેમજ ચોરીના વાહનો ગેરેજવાળા પાસે આવી ચોર ઈસમો વાહનો વેચી દેતા હોય છે. તેમજ સ્પેરપાર્ટ છુટા પડાવી અલગ-અલગ ગેરેજ ઉપર વેચી દે છે આ પ્રકારની અસામાજીક પ્રવૃત્તિઓ આચરતા તત્વો મોટે ભાગે રાજ્ય બહારના, પરપ્રાંતિય વિસ્તારમાંથી પ્રવેશી ભૌગોલીક પરિસ્થિતિથી વાકેફ થઈ આ પ્રકારની પ્રવૃત્તિ આચરતા હોય છે. જેના કારણે જાહેર સલામતી સુરક્ષા તેમજ શાંતિનું વાતાવરણ જોખમાવાના કારણે આમ નાગરિકો તેમજ પ્રજામાં અસુરક્ષાનો માહોલ ફેલાય છે અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ કથળતી હોય છે. જેથી જુના વાહનો લે-વેચ અંગે નિયંત્રક જાહેરનામું બહાર પાડવું ઈષ્ટ જણાય છે.

૨. વાસ્તે હું **દિલિપસિંહ ગોહિલ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી જિલ્લો** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪થી મળેલ સત્તાની રૂઈએ સમગ્ર અમરેલી જિલ્લાના વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ અને સુરક્ષાને લક્ષમાં રાખીને નીચેની વિગતે હુકમ ફરમાવું છું.

૨.૧ કોઈપણ જુની મોટર સાયકલ/સ્કુટર કે જુના થ્રી વ્હીલ/ફોર-વ્હીલ વાહનો વેચનાર વ્યક્તિએ તેમજ ખરીદનાર વ્યક્તિએ નીચે મુજબના કોલમ વાઈઝની માહીતી અંગેનું રજીસ્ટર નિભાવવાનું રહેશે. તથા વેચાણ/ખરીદ કરેલ વાહનોના કાગળોની ઝેરોક્ષ પણ રાખવાની રહેશે.

અ.નં.	વેચનારનું નામ સરનામું અને વેચવાનું કારણ	ખરીદનારનું પુરેપુરૂ નામ સરનામું, મોબાઈલ નંબર	ખરીદનારનું આઈ.ડી. પ્રુફ તથા રેસીડેન્ટ પ્રુફની વિગત	જુનુ ખરીદવાનું/ ખરીદ્યા અંગેનું કારણ અને તારીખ	એન્જીન/ચેસીસ નંબર / મોડલ નંબર / રજીસ્ટ્રેશન નંબર વિગેરેની વિગત અંગેની ઝેરોક્ષ રાખવી.
(૧)	(૨)	(૩)	(૪)	(૫)	(૬)

૨.૨ ઉક્ત વિગતે રજીસ્ટર નિભાવવા ઉપરાંત નીચેની શરતોનું પાલન કરવું.

૨.૨.૧ જુની મોટર સાયકલ/સ્કુટર કે જુના થ્રી વ્હીલ/ફોર-વ્હીલ વાહનો ખરીદનારને અવશ્ય બીલ આપવુ અને તેની સ્થળપ્રત પોતાના કબ્જામાં રાખવી.

૨.૨.૨ જુની મોટર સાયકલ/સ્કુટર કે જુના થ્રી વ્હીલ/ફોર-વ્હીલ વેચનારા વેપારી અથવા તે અંગેની દુકાનો ધરાવનારા માલીકો, મેનેજરો, સંચાલકો, એજન્ટોએ જ્યારે જ્યારે સાયકલ, સ્કુટર કે મોટર સાયકલનું વેંચાણ કરે ત્યારે સાયકલ, સ્કુટર કે મોટર સાયકલનું ખરીદ કરનાર ગ્રાહકનું ડ્રાઈવિંગ લાયસન્સ, પાનકાર્ડ, ઈલેકશન કાર્ડ, રેશનકાર્ડ કે જે જગ્યાએ નોકરી કરતા હોય તો તે જગ્યાનું ઓળખપત્ર, શૈક્ષણિક સંસ્થાનું પ્રમાણપત્ર કે સ્થાનિક અગ્રણીઓ જેવા કે, મ્યુનિસિપલ કોર્પોરેટર, ધારાસભ્યશ્રી, સાંસદસભ્યશ્રી, કોઈપણ ખાતાના તરફથી મેળવેલ ઓળખ પત્રક/પ્રમાણપત્ર પૈકી કોઈપણ એક પુરાવો ઓળખ માટે ગ્રાહક પાસેથી મેળવવાનો રહેશે.

૨.૨.૩ વેંચાણ બીલમાં જુની મોટર સાયકલ/સ્કુટર કે જુના થ્રી વ્હીલ/ફોર-વ્હીલ વાહન ખરીદનારનું પુરૂ નામ, સરનામું સંપર્ક માટે ટેલીફોન/મોબાઈલ નંબર લખવો.

૨.૨.૪ વેંચાણ બીલમાં જુની મોટર સાયકલ/સ્કુટર કે જુના થ્રી વ્હીલ/ફોર-વ્હીલ વાહનનો ફ્રેમ નંબર, ચેસીસ નંબર, એન્જીન નંબર અવશ્ય લખવો.

૨.૨.૫ જુની મોટર સાયકલ/સ્કુટર કે જુના થ્રી વ્હીલ/ફોર-વ્હીલ વાહનોના વેંચાણ અંગેના રેકર્ડ ચકાસણી માટે વેચાણકર્તા પાસે કોઈપણ પોલીસ અધિકારી/કર્મચારી તરફથી માંગણી કરવામાં આવે ત્યારે ઉપર મુજબની માહિતી/રેકર્ડ ચકાસણી માટે રજુ કરવાનું રહેશે.

અમલવારી વિસ્તાર :

આ હુકમ સમગ્ર અમરેલી જિલ્લા વિસ્તારમાં લાગુ પડશે.

અમલવારીનો સમયગાળો :

આ હુકમ તા. ૧૨-૦૯-૨૦૨૫ થી તા. ૧૦-૧૧-૨૦૨૫ (બંન્ને દિવસો સહિત) સુધી સમગ્ર સમયગાળા માટે અમલી રહેશે.

શિક્ષા :

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ ની જોગવાઈઓ હેઠળ કાનુની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તથા તે હેઠળ સજાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે ફરજ પરના કોઈપણ હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરના અમરેલી જિલ્લાના પોલીસ અધિકારીશ્રીઓને આ હુકમનો ભંગ કરનાર ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

તમામ નાગરીકોને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી/કરાવવી શકય ન હોઈ, આથી એકતરફી હુકમ ફરમાવવામાં આવે છે. જાહેર જનતાની જાણ સારૂ પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીએ નાયબ માહિતી નિયામકશ્રી, અમરેલીની કચેરી મારફત સ્થાનિક વર્તમાનપત્રો, ચેનલો મારફતે પ્રસિધ્ધિ કરાવવાની રહેશે. તેમજ લોકોને સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર જાહેરનામાની નકલ ચોંટાડી પ્રસિધ્ધ કરવાની રહેશે. તેમજ એસ.ઓ.જી. શાખાએ વાહનોની લે-વેચ કરનાર વ્યક્તિઓને જાણ તથા સમજ આપવાની રહેશે.

આજ તા. ૧૧ સપ્ટેમ્બર સને-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

અમરેલી, ૧૧ માહે સપ્ટેમ્બર, સને ૨૦૨૫.

ગુજરાત પોલિસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (બી) હેઠળ જાહેરનામું

વંચાણે લીધા :

(૧) અત્રેના જાહેરનામા નં. નાચી/પલસ/વશી/ઈ-૧૭૦૦૭૫/૨૦૨૫, તા. ૨૪-૦૭-૨૦૨૫

(૨) નાયબ મેનેજર (પ્રો.)શ્રી, પી.આઈ.યુ., GUDC, ભાવનગરના પત્ર નં. GUDC/PIU/BVN-ZO/Savarkudla ROB/225/395, તા. ૧૧-૦૯-૨૦૨૫

જાહેરનામું

નં. નાચિ/પલસ/વશી/ઈ-૧૯૪૪૭૫/૨૦૨૫.-વંચાણે લીધા-૧ ના જાહેરનામાથી સાવરકુંડલા શહેર ખાતે સાવરકુંડલાથી મહુવા તરફ જતા રસ્તા પર આવેલ રેલવે ફાટક નં. ૬૭/બી ઉપર રેલવે ઓવરબ્રીજની કામગીરી હાથ ધરવાની હોવાથી કામગીરીના અમલીકરણ સમયે બ્રીજની કામગીરી પ્રગતી હેઠળ હોય સાવરકુંડલાથી રાજુલા અને મહુવા તથા મહુવા-રાજુલાથી સાવરકુંડલા તરફ આવતા જતા ભારે તથા મોટા વાહન ઉપરાંત મધ્યમ તથા નાના વાહનો માટે વાહન વ્યવહાર બંધ કરી વૈકલ્પિક ડાયવર્ઝન માટે તા. ૨૭-૦૭-૨૦૨૫ થી તા. ૨૪-૦૯-૨૦૨૫ સુધી જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવેલ હતું.

વંચાણે લીધા-૨ ના મેનેજર (પ્રો.)શ્રી, પી.આઈ.યુ., GUDC, ભાવનગરના પત્રથી રાજયની નગરપાલીકાઓ વિસ્તારમાં 'રેલવે ફાટક મુકત' ગુજરાત અભિયાન અંતર્ગત સ્વર્ણીમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ સાવરકુંડલા શહેર ખાતે સાવરકુંડલા થી મહુવા તરફ જતા રસ્તા પર આવેલ રેલવે લાઈન ફાટક નં. ૬૭/બી ઉપર રેલવે ઓવર બ્રીજની કામગીરી પ્રગતી હેઠળ હોવાનું જણાવી, કામગીરી અંદાજીત ૧૪(ચૌદ)

માસ સુધી સતત ચાલુ રહેવાની હોય ચાલુ કામગીરી દરમ્યાન કોઈ અઘટીત ઘટના/અકસ્માત કે જાનહાની ન થાય તે હેતુથી સાવરકુંડલાથી રાજુલા અને મહુવા તથા મહુવા-રાજુલા થી સાવરકુંડલા શહેર તરફ આવતા-જતા ભારે તથા મોટા વાહન ઉપરાંત મધ્યમ તથા નાના વાહનો માટે વાહન વ્યવહાર બંધ કરી, વૈકલ્પિક ડાયવર્ઝન આપવા પ્રસિદ્ધ કરેલ જાહેરનામાની સમય મર્યાદા વધારવા માંગણી કરેલ છે.

પ્રસ્તુત બાબતે, રજુ થયેલ દરખાસ્તની વિગતે સાવરકુંડલા-મહુવા રોડ પર આવેલ રેલવે ફાટક નં. ૬૭/બી પર રેલવે ફાટક મુકત ગુજરાત અભિયાન અતર્ગત સ્વર્ણીમ જયતી મુખ્યમત્રી શહેરી વિકાસ યોજના હેઠળ રેલવે ઓવરબ્રીજની કામગીરી જયા સુધી પ્રગતી હેઠળ હોઈ, ત્યાં સુધી રેલવે ફાટક ન. ૬૭/બી પરથી પસાર થતા વાહનો માટે (૧) અમરેલી હાઈવે તરફથી વાયા સાવરકુંડલા શહેર થઈ મહુવા-રાજુલા તરફ આવતા-જતા ભારે વાહનો સાવરકુડલા બાયપાસ રોડ ઉપરથી, (૨) સાવરકુંડલા શહેરમાથી મહુવા-રાજુલા તરફ જતા-આવતા દ્વિચકી અને થ્રીચકી વાહનો માટે સૂચિત બ્રીજ (રેલવે ફાટક)ની બને સાઈડમાં સર્વિસ રોડની જગ્યામાથી પસાર થવા તથા (૩) સાવરકુંડલા શહેરમાથી રાજુલા-મહુવા તરફ આવતા-જતા નાના તથા મધ્યમ વાહનો માર્કેટીંગ યાર્ડ પાસેના રેલવે અંડરપાસમાંથી પસાર થવા વાહનોનુ ટ્રાફીક ડાયવર્ટ કરવુ જરૂરી હોય જાહેરનામાની મુદ્દત વધારવા માટે ખાત્રી થયેલ છે.

જેથી હું, **દિલિપસિંહ ગોહિલ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી, જિલ્લો-અમરેલી** ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(બી) હેઠળ મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, સાવકુંડલા-મહુવા રોડ પર આવેલ ફાટક નં. ૬૭/બી પરથી પસાર થતા મોટા(ભારે), નાના તેમજ મધ્યમ વાહનો માટે રૂટ ડાયવર્ટ કરવામાં આવે છે અને તમામ વાહનોએ નીચે મુજબના વૈકલ્પિક રૂટ અથવા અન્ય વૈકલ્પિક રૂટ પરથી પસાર થવાનું રહેશે.

વૈકલ્પિક રૂટ-૧

અમરેલી હાઈવે તરફથી વાયા સાવરકુંડલા શહેર થઈ મહુવા-રાજુલા તરફ જતા-આવતા તથા મહુવા-રાજુલા તરફથી વાયા સાવરકુંડલા શહેર થઈ અમરેલી તરફ જતા-આવતા ભારે તથા મોટા વાહનોએ સાવરકુંડલા બાયપાસ રોડ ઉપરથી પસાર થવાનું રહેશે.

વૈકલ્પિક રૂટ-૨

સાવરકુંડલા શહેરમાંથી મહુવા-રાજુલા તરફ જતા-આવતા તથા મહુવા-રાજુલા તરફથી સાવરકુંડલા શહેરમાં જતા-આવતા દ્વિચકી અને થ્રીચકી વાહનોએ સૂચિત બ્રીજ (રેલવે ફાટક)ની બંને સાઈડના સર્વિસ રોડ ઉપરથી પસાર થવાનું રહેશે.

વૈકલ્પિક રૂટ-૩

સાવરકુંડલા શહેરમાંથી મહુવા-રાજુલા તરફ આવતા-જતા નાના તથા મધ્યમ વાહનોએ માર્કેટીંગ યાર્ડ પાસેના રેલવે અંડરપાસમાંથી પસાર થવાનું રહેશે.

આ જાહેરનામું તા. ૨૫-૦૯-૨૦૨૫ થી તા. ૨૩-૧૧-૨૦૨૫(બંને દિવસો સહિત) સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧માં દર્શાવેલ શિક્ષાને પાત્ર ઠરશે.

તમામ નાગરીકોને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી/કરાવવી શકય ન હોઈ, આથી એકતરફી હુકમ ફરમાવવામાં આવે છે. જાહેર જનતાની જાણ સારૂ નાયબ મેનેજરશ્રી (પ્રોજેકટ), પી.આઈ.યુ., જી.યુ.ડી.સી. ભાવનગરએ નાયબ માહિતી નિયામકશ્રી, અમરેલીની કચેરી મારફત સ્થાનિક વર્તમાનપત્રો, ચેનલો મારફતે પ્રસિધ્ધિ કરી તેમજ લોકોને સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર જાહેરનામાની નકલ ચોંટાડી પ્રસિધ્ધ કરવાની રહેશે.

આજ તા. ૨૩ સપ્ટેમ્બર, ૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

અમરેલી, ૨૩ માહે સપ્ટેમ્બર, સને ૨૦૨૫.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના કાયદાની કલમ-૩૭(૧), ૩૭(૩) અને 33 હેઠળ

વંચાણે લીધા :

(૧) પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીનાં પત્ર નં. એલ.આઈ.બી./હથિયારબંધી જાહેરનામું/૨૭૭૫/૨૦૨૫, તા. ૨૨-૦૯-૨૦૨૫.

જાહેરનામું

નં. નાચી/પલસ/વશી/૮૫૫/૨૦૨૫.-વંચાણે લીધા ક્રમાંક-૧ થી પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીનાં તા. ૨૨-૦૯-૨૦૨૫નાં પત્રથી તા. ૨૨-૦૯-૨૦૨૫ થી તા. ૦૧-૧૦-૨૦૨૫ દરમ્યાન નવરાત્રી મહોત્સવ તેમજ તા. ૦૨-૧૦-૨૦૨૫ ના રોજ વિજયાદશમીના તહેવારોની ઉજવણી થનાર હોય જેથી તકેદારીના ભાગ રૂપે સમગ્ર અમરેલી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે અનુસંધાને તકેદારીનાં ભાગરૂપે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ ની પેટા કલમ-૧ તથા કલમ-૩ તથા કલમ-૩૩ મુજબ જાહેરનામુ પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરેલ છે.

ઉકત દરખાસ્ત ધ્યાને લેતા આગામી સમયમાં નવરાત્રી તેમજ વિજયાદશમી તહેવારોની ઉજવણી થનાર હોય, જેથી હાલની પ્રવર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને સમગ્ર અમરેલી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે

તેમજ જાહેર સુલેહ શાંતિ અને સલામતી જાળવવા માટે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૧ તથા કલમ-૩ તથા કલમ-૩૩ અન્વયે પગલા લેવા પુરતા કારણો છે. તેની મને ખાત્રી થઈ છે.

જેથી હું, **દિલિપસિંહ ગોહિલ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી,** ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭ની પેટા કલમ-૩૭(૧) અન્વયે મળેલ સત્તાની રૂઈએ આથી ફરમાવું છું કે,

(૧) અમરેલી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તા. ૨૫-૦૯-૨૦૨૫ થી તા. ૦૯-૧૦-૨૦૨૫ (બંને દિવસો સહિત) દરમ્યાન નીચે મુજબના કૃત્યો પર પ્રતિબંધ ફરમાવું છું,

A. શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદૂક, ચપ્પુ, લાકડી અથવા લાઠી અથવા શારિરીક ઈજા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની,

B. કોઈપણ ક્ષયધર્મી અથવા સ્ફોટક પદાર્થો લઈ જવાની,

C. પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે શસ્ત્રો ફેંકવાના અથવા નાખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની, એકઠાં કરવાની તથા તૈયાર કરવાની,

D. કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની,

E. વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાની,

F. લોકોએ બૂમ પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની,

Q. છટાદાર ભાષણ આપવાની, ચાળા પાડવાથી અથવા નકલ કરવાની તથા ચિત્રો નિશાનીઓ, જાહેર ખબરો અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીશ્રીના અભિપ્રાય પ્રમાણે સૂરૂચિ અથવા નિતીનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેને પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની, તે ચાળા વગેરે કરવાની અને ચિત્રો, નિશાનીઓ વગેરે તૈયાર કરવાની, તે દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

(૨) આ હુકમ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(i) ફરજ પર રોકાયેલ પોલીસ તથા હોમ ગાર્ડ સહિતના તમામ સરકારી તેમજ અર્ધ સરકારી કર્મચારી તથા અધિકારીઓને,

(ii) શારીરિક અશક્તિને કારણે લાકડી તથા લાઠી લઈને ફરવુ જરૂરી છે તેવી વ્યક્તિઓને,

(૩) વધુમાં ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૩ તથા કલમ-૩૩ હેઠળ મળેલ સત્તાની રૂઈએ, તા. ૨૫-૦૯-૨૦૨૫ થી તા. ૦૯-૧૦-૨૦૨૫ (બંને દિવસો સહિત) અમરેલી જિલ્લાનાં સમગ્ર વિસ્તારની અંદર સંબંધિત સબ ડીવઝનલ મેજીસ્ટ્રેટશ્રીની પુર્વ મંજુરી/પરવાનગી સિવાય કોઈ સભા મંડળી ભરવાની અથવા સરઘસ કાઢવાની તેમજ સંબંધિત તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રીની પૂર્વ મંજૂરી/પરવાનગી સિવાય લાઉડ સ્પીકર વગાડવાની હું મનાઈ ફરમાવુ છું.

(૪) ઉપરોક્ત પેરા-૩માં કરવામાં આવેલ આદેશ ફરજ પરના કોઈપણ સરકારી/અર્ધસરકારી કર્મચારીઓ અને અધિકારીઓને તેમજ કોઈપણ વરઘોડા તથા સ્મશાનયાત્રાને લાગુ પડશે નહિ.

(૫) આ જાહેરનામુ ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્સ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ તથા ૧૩૫ ની જોગવાઈ મુજબ સજા તથા દંડને પાત્ર થશે.

તમામ નાગરીકોને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી/કરાવવી શકય ન હોઈ, આથી એકતરફી હુકમ ફરમાવવામાં આવે છે. હું એવો પણ આદેશ કરૂં છું કે, જાહેર જનતાની જાણ સારૂ પોલીસ અધિક્ષકશ્રી અમરેલીએ સદરહું હુકમ નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાએ તેની નકલ ચોંટાડીને તથા નાયબ માહિતી નિયામકશ્રી, અમરેલીની કચેરી મારફત સ્થાનિક વર્તમાનપત્ર, ચેનલો મારફતે બહોળી જાહેરાત કરી/કરાવીને પ્રસિધ્ધ કરવો.

આજ તા. ૨૩ સપ્ટેમ્બર સને-૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

અમરેલી, ૨૩ માહે સપ્ટેમ્બર, સને ૨૦૨૫.

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળનું જાહેરનામું

વંચાણે લીધા :

(૧) ગૃહ વિભાગ, ગુજરાત સરકારના પરિપત્ર ક્રમાંક : વિ.૨/ઈએસએ/૧૩/૨૦૧૫/જીઓઆઈ-૧૧૨, તા. ૦૩-૧૧-૨૦૧૮.

(૨) ગૃહ વિભાગ, ગુજરાત સરકારના પરિપત્ર ક્રમાંક : HD/MIS/e-file/8/2025/0778/SB2, તા. ૧૭-૦૯-૨૦૨૫.

(૩) પેટ્રોલીયમ એન્ડ એકસપ્લોઝીવ સેફટી ઓર્ગેનાઈઝેશન (પેસો), વડોદરાનાં પત્ર ક્રમાંક નં. ઈ.એસ./એફ.ડબલ્યુ.એસ., તા. ૨૩-૦૯-૨૦૨૫.

(૪) પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીનાં પત્ર નં. એલ.આઈ.બી./દિવાળી/ફટાકડા/જાહેરનામું/૨૯૦૦/૨૦૨૫, તા. ૦૪-૧૦-૨૦૨૫.

હુકમ

નં. નાચી/પલસ/વશી/૯૬૯/૨૦૨૫.-

૧. વંચાણે લીધા ક્રમ-૧ના ગૃહ વિભાગ, ગુજરાત રાજયનાં તા. ૦૩-૧૧-૨૦૧૮નાં પરિપત્રથી નામદાર સુપ્રિમ કોર્ટ સમક્ષની રીટ પીટીશન (સીવીલ) નં. ૭૨૮/૨૦૧૫ તા. ૨૩-૧૦-૨૦૧૮ તેમજ તા. ૨૯-૧૦-૨૦૨૧ ના આદેશ મુજબ દિવાળીના તહેવાર તથા અન્ય તહેવારો નિમિતે જાહેર જનતાને ભયજનક/હાનિકારક પર્યાવરણ તથા ધ્વનિ પ્રદુષણની વિપરિત અસરથી રક્ષવા માટે ફટાકડાના ઉત્પાદન, વેચાણ તથા ફટાકડા ફોડવા બાબતે બહાર પાડેલ દિશાનિર્દેશો અન્વયે રાજય સરકારે જરૂરી ગાઈડલાઈન બહાર પાડેલ છે.

વંચાણે લીધા ક્રમ-૨ના ગૃહ વિભાગ, ગુજરાત રાજયનાં તા. ૧૭-૦૯-૨૦૨૫નાં પરિપત્રથી નામ. ગુજરાત હાઈકોર્ટ સમક્ષની રીટ પીટીશન (PIL) નં. ૨૫૩/૨૦૨૬ કેસમાં નામ. કોર્ટના તા. ૧૩-૦૧-૨૦૧૭ ના આદેશ અનુસાર ચાયનીઝ તુકકલ/લેન્ટર્ન તથા ચાયનીઝ માંઝા, ગ્લાસ કોટેડ થ્રેડ, સિન્થેટિક કોટીંગ સાથેની પ્લાસ્ટીક દોરી, નાયલોન થ્રેડ દોરીનું (જેને હવે પ્રતિબંધિત સાધનસામગ્રી તરીકે દર્શાવેલ છે.) ઉત્પાદન, વેચાણ, સંગ્રહ પર પ્રતિબંધ મુકવામાં આવેલ છે. તહેવારો દરમિયાન તેની ખાસ અમલવારી બાબતે જરૂરી સૂચનાઓનું પાલન કરવા જણાવેલ છે. જેમાં મુખ્યત્વે આર્થિક ફાયદા સારૂ માનવ તથા પશુ-પક્ષીઓને હાની થાય અને જીવનું જોખમ વધે અથવા તો મૃત્યુ થાય તે પ્રકારે દિવાળીના તહેવાર દરમિયાન ચાયનીઝ તુકકલ/લેન્ટર્ન જેવા વપરાતા પ્રતિબંધિત સાધનસામગ્રીનું ઉત્પાદન, વેચાણ, સંગ્રહ કરવા પર ભારતીય નાગરીક સુરક્ષા કાયદામાં આપેલ જોગવાઈ મુજબનું પ્રતિબંધિત જાહેરનામું દર વર્ષે પ્રસિધ્ધ કરવાની કાર્યવાહી કરવા તથા દિવાળીના તહેવાર દરમિયાન શરદ પુર્ણીમાની તારીખથી દેવ-દિવાળીની તારીખ સુધી અમલમાં રહે તે રીતે બહાર પાડવા જણાવેલ છે. તેમજ વંચાણે લીધા ક્રમ-૩ના પેટ્રોલીયમ એન્ડ એક્સપ્લોઝીવ સેફટી ઓર્ગેનાઈઝેશન(પેસો), વડોદરાનાં પત્રથી સદરહુ બાબતે એક્સપ્લોઝીવ રૂલ્સ-૨૦૦૮ તળે જરૂરી માર્ગદર્શિકા પ્રસિધ્ધ કરેલ છે.

વંચાણે લીધા ક્રમ-૪નાં પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીનાં તા. ૦૪-૧૦-૨૦૨૫નાં પત્રથી ઉપરોકત માર્ગદર્શક સૂચના/માર્ગદર્શિકા અન્વયે આગામી દિવાળીનાં તહેવારો દરમિયાન ફોડવામાં આવતા ફટાકડાનાં કારણે આગ-અકસ્માતનાં બનાવો ના બને અને જાહેર જનતાની સલામતિ માટે અને જાહેર જનતાને અગવડતા ન પડે તેમજ સદરહુ તહેવારો દરમિયાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે અંગે યોગ્ય પ્રતિબંધાત્મક જાહેરનામુ પ્રસિધ્ધ કરવા દરખાસ્ત રજુ કરેલ છે.

ઉપરોકત વિગતેની માર્ગદર્શક સૂચનાઓ/માર્ગદર્શિકાઓનાં અમલીકરણ માટે આગામી દિવાળીના તહેવારો તથા અન્ય તહેવારોની ઉજવણી દરમ્યાન ફોડવામાં આવતાં ફટાકડાના કારણે આગ અકસ્માતના બનાવો ન બને અને જાહેર જનતાની સલામતી માટે અને જાહેર જનતાને અગવડ ન પડે તે માટે તેમજ પ્રતિબંધિત ફટાકડાનાં ઉત્પાદન, વેચાણ અને ઉપયોગનાં કારણે જાહેર સ્વાસ્થય તથા પર્યાવરણ પર થતી ઘાતક અસરો જોતા અમરેલી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં ફટાકડાનાં ખરીદ, વેચાણ તથા ઉપયોગ ઉપર નિયંત્રણ મૂકવું જરૂરી જણાય છે.

૨. આથી, હું **દિલિપસિંહ ગોહિલ (G.A.S.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી જિલ્લો,** ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂઈએ આથી હુકમ ફરમાવું છું કે, અમરેલી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં નીચે મુજબના કૃત્યોનું ચૂસ્તપણે પાલન કરવા ફરમાવું છું,

A. સુપ્રિમ કોર્ટ દ્વારા ગ્રીન તથા માન્યતા પ્રાપ્ત ફટાકડા કે જે ઓછા એમિશન ઉત્પન્ન કરે છે તેના ઉત્પાદન અને વેચાણની પરવાનગી આપવામાં આવેલ છે, આ સિવાયના તમામ પ્રકારના ફટાકડાના ઉત્પાદન અને વેચાણ પર નામ. સુપ્રિમકોર્ટ દ્વારા પ્રતિબંધ મુકવામાં આવેલ છે.

B. ભારે ઘોંઘાટવાળા ફટાકડા સ્વાસ્થ્ય માટે ખૂબ જ હાનિકારક હોવાથી તથા વધુ પ્રમાણમાં હવાનું પ્રદુષણ અને ઘન કચરો પેદા કરતા બાંધેલા ફટાકડા (Joint firecrackers, Series crackers or Laris) નામ. સુપ્રિમ કોર્ટ દ્વારા પ્રતિબંધ મુકવામાં આવેલ છે.

C. ફટાકડાનું વેચાણ માત્ર લાયસન્સધારક વેપારીઓ દ્વારા જ કરવાનું રહેશે. આ વેપારીઓએ સુપ્રિમ કોર્ટનાં તા. ૨૩-૧૦-૨૦૧૮ નાં આદેશ મુજબ માન્ય રાખવામાં આવેલ ફટાકડાઓનું જ વેચાણ કરવાનું રહેશે.

D. તમામ ઈ-કોમર્સ વેબસાઈટને ઓનલાઈન તમામ પ્રકારનાં ફટાકડાનાં વેચાણ પર પ્રતિબંધ મુકેલ છે.

E. ફટાકડા બનાવવા માટે બેરીયમનાં ઉપયોગ પર સુપ્રિમ કોર્ટે પ્રતિબંધ મુકેલ છે.

F. દિવાળી તથા અન્ય તહેવારો કે જેમાં ફટાકડા ફોડવામાં આવે છે તેમા ફટાકડા રાત્રિના ૦૮-૦૦ થી ૧૦-૦૦ કલાક સુધી તેમજ નૂતન વર્ષના તહેવાર દરમિયાન ફટાકડા રાત્રીના ૨૩-૫૫ થી ૦૦-૩૦ કલાક સુધી જ ફોડી શકાશે.

G. હાનિકારક ધ્વનિ પ્રદુષણ રોકવા માટે માત્ર PESO સંસ્થા દ્વારા અધિકૃત બનાવટવાળા અને માન્ય ધ્વનિ સ્તર (ડેસીબલ લેવલ) વાળા જ ફટાકડા વેચી/વાપરી શકાશે. PESO સંસ્થા દ્વારા એવા અધિકૃત/માન્ય ફટાકડાના દરેક બોકસ પર "PESO" ની સૂચના પ્રમાણેનું માર્કિંગ હોવું જોઈશે.

H. હોસ્પીટલ, નર્સિંગ હોમ, આરોગ્ય કેન્દ્રો, શૈક્ષણિક સંસ્થાઓ, ન્યાયાલયો, ધાર્મિક સ્થળની ૧૦૦ મીટરની ત્રિજયાના વિસ્તારને સાયલેન્ટ ઝોન તરીકે ગણવામાં આવશે અને ત્યાં કોઈપણ પ્રકારના ફટકાડા ફોડી શકાશે નહિ.

I. કોઈપણ પ્રકારના વિદેશી ફટાકડા આયાત કરી શકાશે નહિ, રાખી શકાશે નહિ કે વેચાણ કરી શકાશે નહિ.

J. લોકોને અગવડ ઉભી ન થાય કોઈપણ ભયજનક પરિસ્થિતિનું નિર્માણ ન થાય તે માટે અમરેલી જિલ્લાના તમામ વિસ્તારોના બજારો, શેરીઓ, ગલીઓ, જાહેર રસ્તાઓ, પેટ્રોલ પંપ, એલ.પી.જી. બોટલીંગ પ્લાન્ટ, એલ.પી.જી. ગેસના સ્ટોરેજ અન્ય સળગી ઉઠે તેવા પદાર્થોને સંગ્રહ કરેલા ગોદામો તથા હવાઈ મથકની નજીક ફટાકડા દારૂખાનું ફોડી શકાશે નહિ.

K. કોઈપણ પ્રકારના સ્કાય લેન્ટર્ન (ચાઈનીઝ તુક્કલ/આતશબાજ બલુન) નું ઉત્પાદન તથા વેચાણ કરી શકાશે નહિ તેમજ કોઈપણ સ્થળે ઉડાડી શકાશે નહિ.

L. National Green Tribunal નાં તા. ૦૯-૧૧-૨૦૨૦નાં હુકમ મુજબ પ્રદુષણનું પ્રમાણ વધે નહિ તે માટે સાવચેતીનાં પગલા લેવા તથા માત્ર Green Crakers તથા ઓછા એમિશન ઉત્પન્ન કરે તેવા ફટકાડાનું ઉત્પાદન તથા વેચાણ કરવાનું રહેશે.

M. નામ. ગુજરાત હાઈકોર્ટ સમક્ષની રીટ પીટીશન (PIL) નં. ૨૫૩/૨૦૧૬ કેસમાં થયેલ નામદાર કોર્ટના તા.૧૩-૦૧-૨૦૧૭ ના આદેશ અનુસાર ચાયનીઝ તુકકલ/લેન્ટર્નન જેવા પ્રતિબંધિત સાધનસામગ્રીના ઉત્પાદન, વેચાણ, સંગ્રહ પર પ્રતિબંધ રહેશે.

અમલવારીનો વિસ્તાર :

આ હુકમ અમરેલી જિલ્લાના સમગ્ર વિસ્તારને લાગુ પડશે.

અમલવારીનો સમયગાળો :

આ હુકમ તા. ૧૦-૧૦-૨૦૨૫ થી તા. ૦૬-૧૧-૨૦૨૫ (બન્ને દિવસો સહિત) સુધી સમગ્ર સમયગાળા માટે અમલી રહેશે.

શિક્ષા :

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ તથા 'EXPLOSIVE ACT, 1884' ની જોગવાઈઓ તેમજ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ જોગવાઈઓ હેઠળ કાનુની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તથા તે હેઠળ સજાને પાત્ર થશે.

આ હુકમનો ભંગ કરનાર ઈસમો સામે ફરીયાદ માંડવા માટે ફરજ પરના કોઈપણ હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરના અમરેલી જિલ્લાના પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

જાહેર વિજ્ઞપ્તિ :

તમામ નાગરીકોને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી/કરાવવી શક્ય ન હોઈ આથી એક તરફી હુકમ ફરમાવવામાં આવે છે. જાહેર જનતાની જાણ સારૂ પોલીસ અધિક્ષકશ્રી, અમરેલી તથા નાયબ માહિતી નિયામકશ્રી, અમરેલીની કચેરી મારફત સ્થાનિક વર્તમાનપત્રો, ચેનલો મારફતે પ્રસિધ્ધ કરી તથા જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનના નોટીસ બોર્ડ પર જાહેરનામાની નકલ ચોટાડીને પ્રસિધ્ધ કરાવવાની રહેશે. તેમજ સહેલાઈથી જોઈ તેવી જાહેર જગ્યાઓ ઉપર જાહેરનામાની નકલ ચોંટાડી પ્રસિધ્ધ કરવાની રહેશે.

આજ તા. ૧૦, ઓકટોબર સને-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનાં સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ જાહેરનામું બહાર પાડેલ છે.

અમરેલી, ૧૦ માહે ઓકટોબર, સને ૨૦૨૫.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના કાયદાની કલમ-૩૭(૧), ૩૭(૩) અને 33 હેઠળ

વંચાણે લીધા :

(૧) પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીનાં પત્ર નં. એલ.આઈ.બી./હથિયારબંધી જાહેરનામું/૨૯૪૦/૨૦૨૫, તા. ૦૮-૧૦-૨૦૨૫.

જાહેરનામું

નં. નાચી/પલસ/વશી/૯૬૮/૨૦૨૫.-વંચાણે લીધા ક્રમાંક-૧ થી પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીનાં તા. ૦૮-૧૦-૨૦૨૫નાં પત્રથી તા. ૨૦-૧૦-૨૦૨૫ ના રોજ દિવાળી તેમજ તા. ૨૩-૧૦-૨૦૨૫ ના રોજ ભાઈબીજના તહેવારોની ઉજવણી થનાર હોય જેથી તકેદારીના ભાગ રૂપે સમગ્ર અમરેલી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે અનુસંધાને તકેદારીનાં ભાગરૂપે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) તથા કલમ-૩૭(૩) મુજબ જાહેરનામુ પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરેલ છે.

ઉકત દરખાસ્ત ધ્યાને લેતા આગામી સમયમાં દિવાળી, નુતનવર્ષ તેમજ ભાઈબીજના તહેવારોની ઉજવણી થનાર હોય, જેથી હાલની પ્રવર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને સમગ્ર અમરેલી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે તેમજ જાહેર સુલેહ શાંતિ અને સલામતી જાળવવા માટે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૧ તથા કલમ-૩ તથા કલમ-૩૩ અન્વયે પગલા લેવા પુરતા કારણો છે. તેની મને ખાત્રી થઈ છે.

જેથી હું, **દિલિપસિંહ ગોહિલ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી,** ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭ની પેટા કલમ-૩૭(૧) અન્વયે મળેલ સત્તાની રૂઈએ આથી ફરમાવું છું કે,

(૧) અમરેલી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તા. ૧૦-૧૦-૨૦૨૫ થી તા. ૨૪-૧૦-૨૦૨૫ (બંને દિવસો સહિત) નીચે મુજબના કૃત્યો પર પ્રતિબંધ ફરમાવું છું,

A. શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદૂક, ચપ્પુ, લાકડી અથવા લાઠી અથવા શારિરીક ઈજા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની,

B. કોઈપણ ક્ષયધર્મી અથવા સ્ફોટક પદાર્થો લઈ જવાની,

C. પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે શસ્ત્રો ફેંકવાના અથવા નાખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની, એકઠાં કરવાની તથા તૈયાર કરવાની,

D. કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની,

E. વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાની,

F. લોકોએ બૂમ પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની,

R. છટાદાર ભાષણ આપવાની, ચાળા પાડવાથી અથવા નકલ કરવાની તથા ચિત્રો નિશાનીઓ, જાહેર ખબરો અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીશ્રીના અભિપ્રાય પ્રમાણે સૂરૂચિ અથવા નિતીનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેને પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની, તે ચાળા વગેરે કરવાની અને ચિત્રો, નિશાનીઓ વગેરે તૈયાર કરવાની, તે દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

(૨) આ હુકમ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(u) ફરજ પર રોકાયેલ પોલીસ તથા હોમ ગાર્ડ સહિતના તમામ સરકારી તેમજ અર્ધ સરકારી કર્મચારી તથા અધિકારીઓને,

(uu) શારીરિક અશક્તિને કારણે લાકડી તથા લાઠી લઈને ફરવુ જરૂરી છે તેવી વ્યક્તિઓને,

(૩) વધુમાં ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૩ તથા કલમ-૩૩ હેઠળ મળેલ સત્તાની રૂઈએ, તા. ૧૦-૧૦-૨૦૨૫ થી તા. ૨૪-૧૦-૨૦૨૫ (બંને દિવસો સહિત) અમરેલી જિલ્લાનાં સમગ્ર વિસ્તારની અંદર સંબંધિત સબ ડીવઝનલ મેજીસ્ટ્રેટશ્રીની પુર્વ મંજુરી/પરવાનગી સિવાય કોઇ સભા મંડળી ભરવાની અથવા સરઘસ કાઢવાની તેમજ સંબંધિત તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રીની પૂર્વ મંજૂરી/પરવાનગી સિવાય લાઉડ સ્પીકર વગાડવાની હું મનાઈ ફરમાવુ છું.

(૪) ઉપરોક્ત પેરા-૩માં કરવામાં આવેલ આદેશ ફરજ પરના કોઈપણ સરકારી/અર્ધસરકારી કર્મચારીઓ અને અધિકારીઓને તેમજ કોઈપણ વરઘોડા તથા સ્મશાનયાત્રાને લાગુ પડશે નહિ.

(૫) આ જાહેરનામુ ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્સ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ તથા ૧૩૫ ની જોગવાઈ મુજબ સજા તથા દંડને પાત્ર થશે.

હું એવો પણ આદેશ કરૂં છું કે, જાહેર જનતાની જાણ સારૂ પોલીસ અધિક્ષકશ્રી અમરેલીએ સદરહું હુકમ નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાએ તેની નકલ ચોંટાડીને તથા નાયબ માહિતી નિયામકશ્રી, અમરેલીની કચેરી મારફત સ્થાનિક વર્તમાનપત્ર, ચેનલો મારફતે બહોળી જાહેરાત કરી/કરાવીને પ્રસિધ્ધ કરવો.

આજ તા. ૧૦ ઓકટોબર સને-૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

અમરેલી, ૧૦ માહે ઓકટોબર, સને ૨૦૨૫.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના કાયદાની કલમ-૩૭(૧), ૩૭(૩) અને ૩૩ હેઠળ

વંચાણે લીધા :

(૧) પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીનાં પત્ર નં. એલ.આઈ.બી./હથિયારબંધી જાહેરનામું/૧૨૪૬/૨૦૨૫, તા. ૦૮-૦૫-૨૦૨૫.

જાહેરનામું

નં. નાચી/પલસ/વશી/૪૭૨/૨૦૨૫.-વંચાણે લીધા ક્રમાંક-૧ થી પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીનાં તા. ૦૧-૦૫-૨૦૨૫નાં પત્રથી હાલમાં દેશની પ્રવર્તમાન પરિસ્થિતિ ધ્યાને લેતા સુરક્ષાને અનુલક્ષીને કોઈ બનાવ ન બને અને રાજયની આંતરીક સુરક્ષા ન જોખમાય જેથી તકેદારીનાં ભાગ રૂપે સમગ્ર અમરેલી જીલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે અનુસંધાને તકેદારીનાં ભાગરૂપે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) તથા કલમ-૩૭(૩) મુજબ જાહેરનામુ પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરેલ છે.

ઉકત દરખાસ્ત ધ્યાને લેતા આગામી ભારત-પાકિસ્તાન હુમલાની પ્રવર્તમાન પરિસ્થતિને અનુલક્ષીને સમગ્ર અમરેલી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે તેમજ જાહેર સુલેહ શાંતિ અને સલામતી જાળવવા માટે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૧ તથા કલમ-૩ તથા કલમ-૩૩ અન્વયે પગલા લેવા પુરતા કારણો છે. તેની મને ખાત્રી થઈ છે.

જેથી હું, **દિલિપસિંહ ગોહિલ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી,** ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭ની પેટા કલમ-૩૭(૧) અન્વયે મળેલ સત્તાની રૂઈએ આથી ફરમાવું છું કે,

(૧) અમરેલી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તા. ૦૯-૦૫-૨૦૨૫ થી તા. ૨૩-૦૫-૨૦૨૫ (બંને દિવસો સહિત) નીચે મુજબના કૃત્યો પર પ્રતિબંધ ફરમાવું છું,

A. શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદૂક, ચપ્પુ, લાકડી અથવા લાઠી અથવા શારિરીક ઈજા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની,

B. કોઈપણ ક્ષયધર્મી અથવા સ્ફોટક પદાર્થો લઈ જવાની,

C. પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે શસ્ત્રો ફેંકવાના અથવા નાખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની, એકઠાં કરવાની તથા તૈયાર કરવાની,

D. કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની,

E. વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાની,

F. લોકોએ બૂમ પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની,

J. છટાદાર ભાષણ આપવાની, ચાળા પાડવાથી અથવા નકલ કરવાની તથા ચિત્રો નિશાનીઓ, જાહેર ખબરો અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીશ્રીના અભિપ્રાય પ્રમાણે સૂરૂચિ અથવા નિતીનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેને પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની, તે ચાળા વગેરે કરવાની અને ચિત્રો, નિશાનીઓ વગેરે તૈયાર કરવાની, તે દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

(૨) આ હુકમ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(m) ફરજ પર રોકાયેલ પોલીસ તથા હોમ ગાર્ડ સહિતના તમામ સરકારી તેમજ અર્ધ સરકારી કર્મચારી તથા અધિકારીઓને,

(mm) શારીરિક અશક્તિને કારણે લાકડી તથા લાઠી લઈને ફરવુ જરૂરી છે તેવી વ્યક્તિઓને,

(૩) વધુમાં ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૩ તથા કલમ-૩૩ હેઠળ મળેલ સત્તાની રૂઈએ તા. ૦૯-૦૫-૨૦૨૫ થી તા. ૨૩-૦૫-૨૦૨૫ (બંને દિવસો સહિત) અમરેલી જિલ્લાનાં સમગ્ર વિસ્તારની અંદર સંબંધિત સબ ડીવઝનલ મેજીસ્ટ્રેટશ્રીની પુર્વ મંજુરી/પરવાનગી સિવાય કોઈ સભા મંડળી ભરવાની અથવા સરઘસ કાઢવાની તેમજ સંબંધિત તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રીની પૂર્વ મંજૂરી/પરવાનગી સિવાય લાઉડ સ્પીકર વગાડવાની હું મનાઈ ફરમાવુ છું.

(૪) ઉપરોક્ત પેરા-૩માં કરવામાં આવેલ આદેશ ફરજ પરના કોઈપણ સરકારી/અર્ધસરકારી કર્મચારીઓ અને અધિકારીઓને તેમજ કોઈપણ વરઘોડા તથા સ્મશાનયાત્રાને લાગુ પડશે નહિ.

(૫) આ જાહેરનામુ ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્સ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ તથા ૧૩૫ ની જોગવાઈ મુજબ સજા તથા દંડને પાત્ર થશે.

હું એવો પણ આદેશ કરૂં છું કે, જાહેર જનતાની જાણ સારૂ પોલીસ અધિક્ષકશ્રી અમરેલીએ સદરહું હુકમ નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાએ તેની નકલ ચોંટાડીને તથા નાયબ માહિતી નિયામકશ્રી, અમરેલીની કચેરી મારફત સ્થાનિક વર્તમાનપત્ર, ચેનલો મારફતે બહોળી જાહેરાત કરી/કરાવીને પ્રસિધ્ધ કરવો.

આજ તા. ૦૯ એપ્રિલ સને-૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

અમરેલી, ૦૯ માહે એપ્રિલ, સને ૨૦૨૫.

દિલિપસિંહ ગોહિલ
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
અમરેલી.

Signature Not Verified
Signed by : PATEL JAYESHKUMAR RAGHUNATHBHAI
Manager
Government Press & Stationery, Rajkot
Date : 2026.03.25 09:44:41 IST